RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 155* Date: 03.04.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વડાપ્રધાન મોદી અને નેપાળના વડાપ્રધાન દેઉબાએ જયનગરથી ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરી




નવીદિલ્હી,તા.૨

આઠ વર્ષ બાદ આજથી ભારત અને નેપાળ વચ્ચે રેલવે સેવા શરૂ થઈ ગઈ છે. આ સાથે બંને દેશોના ઈતિહાસના પાનાઓમાં આજની તારીખ સુવર્ણ અક્ષરોમાં નોંધાઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના પીએમ શેર બહાદુર દેઉબાએ દિલ્હીના હૈદરાબાદ હાઉસથી ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ પહેલા બંને દેશોના વડાપ્રધાનોએ બેઠક પણ કરી હતી. આ દરમિયાન બંને દેશોના પ્રતિનિધિમંડળો વચ્ચે વાતચીત પણ થઈ હતી. જો કે, મુસાફરો માટે રેલવે સેવા આવતીકાલે એટલે કે ૩જી એપ્રિલથી શરૂ થશે.

જયનગર કુર્થા ભાયા જનકપુર (૩૪.૯ કિમી) રેલ્વે લાઇન પર સ્થિત તમામ સ્ટેશન અને હોલ્ટ રેલ સેવાના શુભારંભ માટે તૈયાર કરાયું હતુ. સ્થાનિક અને નેપાળી નાગરિક ઉદ્‌ઘાટનની આ ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ટ્રેનનું સંચાલન શરૂ થતાં જ નેરોગેજ પરની ટ્રેનની સ્થિતિમાં પણ બદલાવ થશે. ટ્રેનની કામગીરી શરૂ થતાની સાથે જ બંને દેશો વચ્ચેનાં વ્યાપાર સંબંધ પણ મજબૂત થશે. સમસ્તીપુર ડીઆરએમ આલોક અગ્રવાલે જણાવ્યું હતું કે, ઉદ્‌ઘાટન માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી હતી.

નેપાળના જયનગર સ્ટેશન પર ૫-૫ કોચની બે ટ્રેન દુલ્હનની જેમ શણગારવામાં આવી હતી. દિલ્હીના હૈદરાબાદ હાઉસથી બંને દેશોના પીએમ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી આ પછી ટ્રેન નેપાળથી ભારત જવા રવાના થઈ હતી. ટ્રેન જયનગરથી લગભગ ૩૦ કિમી દૂર જનકપુર સ્ટેશને પહોંચતાની સાથે જ એક વિશેષ કાર્યનું આયોજનની શરુઆત થઈ હતી. તેનું આયોજન નેપાળ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતુ. અહીં, સામાન્ય મુસાફરોને ટિકિટ ૩ એપ્રિલ એટલે કે આવતીકાલથી મળવાનું શરૂ થશે.જયનગરથી ઈનરબા ૪ કિમી, ઈનરબાથી ખજુલી ૪.૬ કિમી, ખજુલીથી મહિનાથપુર (હોલ્ટ) ૬.૯ કિમી, મહિનાથપુરથી વેદહી ૪.૪ કિમી, વેદહીથી પરવાહા (હોલ્ટ) ૩.૦૭ કિમી, પરવાહાથી જનકપુર (હોલ્ટ) ૭.૯ કિલોમીટર અને જનકપુરથી કુર્થા ૫.૪ કિલોમીટર છે.૨૦૧૪ થી, જયનગર-જનકપુર વચ્ચેની ટ્રેનોનું સંચાલન બંધ છે. નેપાળની નેરોગેજ ટ્રેનો ૨૦૧૪ સુધી ચાલતી હતી,

પરંતુ ટ્રેનોની લાંબી મુસાફરીને કારણે કોલસાનો વપરાશ વધુ થતો હતો. કોલસાથી ચાલતી ટ્રેન ઘણી નાની હતી. જેના કારણે લોકો બારી-બારણા પર લટકીને મુસાફરી કરતા હતા. આવા જ અનેક કારણોસર ટ્રેન બંધ કરવામાં આવી હતી.ભારત અને નેપાળ વચ્ચે આ રેલ્વે લાઈનના નિર્માણમાં લગભગ ૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યાં જયનગરથી બીજલપુરા અને બર્દીબાસ સુધીનો ૬૯.૦૮ કિમીનો પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબક્કામાં, ટ્રેનનું સંચાલન જયનગરથી જનકપુરધામ-કુર્થા સુધી શરૂ થઈ રહ્યું છે, જે લગભગ ૩૪.૯ કિલોમીટર લાંબો છે.હવે ભારતથી નેપાળ જવા માટે માત્ર ૧૨.૫૦ રૂપિયા લાગશે. જયનગરથી ઈનરવાનું ભાડું રૂ. ૧૨.૫૦, ખજુરીનું રૂ. ૧૫.૬૦, મહિનાથપુરનું રૂ. ૨૧.૮૭ છે. વૈદેહી જવા માટે રૂ.૨૮.૧૨૫, પરવાહા માટે રૂ.૩૪, જનકપુર જવા માટે રૂ. ૪૩.૭૫ અને કુર્થા જવા માટે રૂ.૫૬. ૨૫નો ખર્ચ થશે.

### રાજયસભા ચુંટણી પહેલા ગહલોત-પાયલટમાં ખેંચતાણ ચરમ પર

## પાયલટ ઈચ્છે છે કે તેમના એક સમર્થક રાજયસભામાં જાય,મુખ્યમંત્રી ગહલોતની ના



જયપુર,તા.૨

રાજસ્થાનમાં જુલાઈમાં ખાલી થઇ રહેલ રાજયસભાની ચાર બેઠકો માટે મુખ્યમંત્રી અશોક ગહલોત અને સચિન પાયલટમાં ખેંચતાણ ચરમ પર છે.પ્રદેશમાં રાજયસભા માટે જુલાઇ મહિનામાં ચુંટણી થનાર છે.પાયલટ ઈચ્છે છે કે તેમના એક સમર્થકને રાજયસભામાં મોકલવામાં આવે જયારે મુખ્યમંત્રી ગહલોત તેના પક્ષમાં નથી પ્રદેશ કોંગ્રેસ સમિતિએ બોલ કોંગ્રેસી હાઈકમાન્ડના પાલામાં નાખી દીધો છે.વિધાનસસભામાં સંખ્યાના બળના હિસાબથી કોંગ્રેસના ખાતામાં ત્રણ અને એક બેઠક ભાજપના ખાતામાં આવી શકે તેમ છે. કોંગ્રેસ અને ભાજપમાં દાવેદારોની લાંબી ફૌજ છે.દાવેદારોની દિલ્હી દોડ જારી છે.રાજયસભાની ચુંટણીની ગરમી તેજ થઇ જતા પ્રદેશ કોંગ્રેસ પણ સ્તબ્ધ છે.કારણ કે ગહલોત પાયલટ જુથ ફરી આમને સામને આવી ગયા છે.સચિન પાયલટ બરાબરીની ભાગીદારી ઈચ્છે આવામાં કોંગ્રેસની મુશ્કેલી વધી ગઇ છે.સુત્રોના જણાવ્યા અનુસાર રાજયસભાની ત્રણમાંથી બે બેઠકો પર કોંગ્રેસના કેન્દ્રીય નેતાઓ અને એક બેઠક પર રાજસ્થાનના કોઇ નેતાને રાજયસભા મોકલી શકે છે.આ એક બેઠક માટે જ ગહલોત અને પાયલટમાં ખેંચતાણ છે.ગત વખતે મુખ્યમંત્રી ગહલોતે પોતાના સમર્થક નીરજ ડાંગને રાજયસભા મોકલ્યા હતાં પાયલટ જુથનું કહેવુ છે કે આ વખતે તેમના કોઇ નેતાને રાજયસભામાં મોકલવામાં આવે જો કે રાજયસભા ચુંટણી માટે હજુ ચાર મહીના છે પરંતુ ગહલોત પાયલટ જુથમાં ખેંચતાણ અત્યારથી શરૂ થઇ ગઇ છે.

સચિન પાયલટ ઇચ્છે છે કે જેમ કેબિનેટ વિસ્તાર અને રાજનીતિક નિયુક્તિઓમાં તેમના સમર્થકોને એડજસ્ટ કર્યા હતાં બરોબર તેવી જ રીતે ત્રણમાંથી એક બેઠક માટે તેમના સમર્થકને રાજયસભામાં મોકલવામાં આવે બે બેઠકો પર કેન્દ્રીય નેતાઓને રાજસ્થાનથી રાજયસભા મોકલવાની ચર્ચા છે તેમાં કોંગ્રેસના નેતા ગુલાબનબી આઝાદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ભંવરસિંહનું નામ ચર્ચામાં છે. આ બે બેઠકો માટે પાયલટને કોઇના નામ પર વાંધો નથી

રાજસ્થાનમાં જુલાઇ મહીનામાં ચાર ભાજપ સાંસદોની બેઠક ખાલી થઇ રહી છે.જેમાં ઓમપ્રકાશ માથુર,કે જે અલ્ફોંસ,રાજકુમાર વર્મા અને હર્ષવર્ધન સિંહ ડુંગરપુરનો કાર્યકાળ ચાર જુલાઇ ૨૦૨૨ના રોજ પુરો થઇ રહ્યો છે એ યાદ રહે કે વર્ષ ૨૦૧૯ પહેલા રાજસ્થાનની તમામ ૧૦ બેઠકો પર ભાજપનો કબજો હતો પરંતુ જુન ૨૦૧૯માં ભાજપ સાંસદ મદનલાલ સૈનીના નિધનથી ખાલી થયેલી બેઠક પર કોંગ્રેસના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ઉતારી ભાદપના સમીકરણ બગાડી દીધા હતાં જો કે ભાજપે પૂર્વ મુખ્યમંત્રી મનમોહનસિંહ સામે કોઇ ઉમેદવાર ઉભો રાખ્યો ન હતો ત્યારબાદ જુન ૨૦૨૦માં ત્રણ બેઠકો પર થયેલ રાજયસભાની ચુંટણીમાં બે બેઠકો કોંગ્રેસ પાર્ટીના ખાતામાં આવી ગઇ હતી એક બેઠક ભાજપને મળી હતી હવે જુન ૨૦૨૨માં ચાર બેઠકો પર ચુંટણી થનાર છે જેમાં ત્રણ બેઠકો કોંગ્રેસના ખાતામાં જાય તે નક્કી માનવામાં આવી રહ્યું છે.

## હું બંગાળ,બંગાળી સંસ્કૃતિ,ભાષા,ખાન પાન અને બંગાળી સિનેમાની ખુબ નજીક છું : શત્રુઘ્નસિંહા

### કન્યાકુમારીથી લઈ કાશમીર સુધી લોકોને કામ કરવા અને કયાંય પણ રહેવાનો અને કયાંથી પણ ચુંટણી લડવાનો અધિકાર



,કોલકતા,તા.૨

ભારતીય જનતા પાર્ટીથી કોંગ્રેસમાં જનારા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને અભિનેતા શત્રુઘ્નસિંહા હવે તૃણમૂલ કોંગ્રેસમાં સામેલ થઇ ગયા છે.પાર્ટીએ તેમને આસાનસોલ લોકસભા બેઠક પરથી પેટાચુંટણીમાં ઉમેદવાર બનાવ્યા છે.આવામાં તે હવે ચુંટણી રેલીઓની તૈયારીઓ કરી રહ્યાં છે આ દરમિયાન તેમણે બહારી બતાવવા પર ભાજપ પર નિશાન સાધ્યું હતું અને આ સાથે જ કોંગ્રેસ છોડવા અને ટીએમસીમાં સામેલ થવા જેવા સવાલોના જવાબ પણ આપ્યા હતાં.


ભાજપ તમને બહારી બતાવે છે તેને તમે કેવી રીતે કાઉટર કરી રહ્યાં છો તેના જવાબમાં શત્રુઘ્નસિંહાએ કહ્યું કે હું બંગાળ,બંગાળી સંસ્કૃતિ ભાષા,ખાન પાન અને બંગાળી સિનેમાની ખુબ નજીક છું.હું પણ સારૂ બાંગ્લા બોલી શકુ છું. હવે આસનસોલ એક મહાનગરીય વિસ્તાર છે.બિહાર ઉત્તરપ્રદેશ ઝારખંડ રાજસ્થાન હરિયાણા અને મહારાષ્ટ્રના લોકો અહીં આવી વસ્યા છે અને અહીં કારોબાર કરી રહ્યાં છે હું તેમને પુછવા માંગુ છું જે મને બહારી કહી રહ્યાં છે ખાસ કરી ભાજપના મારા મિત્રો જે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાબતમાં શું કહશે જેમણે વારાણસીથી ચુંટણી લડી હતી જો તે બહારી નથી તો હું બહારી કેવી રીતે છું.સિન્હાએ વધુમાં કહ્યું કે બિહારના મુઝફ્ફરપુરથી આપણા મહાન નેતા જયોર્જ ફર્નાન્ડીઝ જીત્યા,બિહારના મધેપુરામાંથી શરદ યાદવ જીત્યા મહારાષ્ટ્રના રામકેટથી નરસિમ્હા રાવ જીત્યા,બાબા સાહેબ આંબેડકર મહારાષ્ટ્રથી હારી બંગાળથી જીત્યા ચિકમગલુરથી ઈન્દિરા ગાંધી જીત્યા રાહુલ ગાંધી પણ વાયનાડથી જીત્યા,અમેઠીથી સ્મૃતિ ઈરાની પણ જીત્યા ભારત એક મોટો દેશ છે.કન્યાકુમારીથી લઈ કાશ્મીર સુધી લોકોને કામ કરવાની અને કયાંય પણ બસવાની અને કયાંયથી પણ ચુંટણી લડવવાનો અધિકાર છે આ પહેલા પણ થતું આવ્યું છે અને આગળ પણ થતું જ રહેશે

તેમણે કહ્યું કે તેઓ મમતાજીના મોટા સમર્થક રહ્યાં છે તેમણે વર્ષ ૨૦૧૯ની બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડની બેઠક યાદ કરતા કહ્યું કે તે મહત્વપૂર્ણ વક્તાઓમાંથી એક હતાં આ દરમિયાન તેમણે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે ભાજપ આજે અટલબિહારી બાજપની પાર્ટી નથી ભાજપ આજે નરેન્દ્ર મોદીની પાર્ટી છે જયાં અહંકાર વધુ છે તેમણે આરોપ લગાવ્યો કે લોકો માટે અવાજ ઉઠાવવાને કારણે તેમને પાર્ટી છોડવા માટે કહેવામાં આવ્યું હતું.

સિન્હાએ મમતાની પ્રશંસા કરતા કહ્યું કે નોટબંધીની વિરૂધ્ધ સૌથી પહેલા મમતા બેનર્જીએ અવાજ ઉઠાવ્યો હતો.ત્યારબાદ મેં અવાજ ઉઠાવ્યો હતો. તેમણે જટિલ જીએસટીને લઇને પણ અવાજ ઉઠાવ્યો હતો.મમતાજી જયારે પણ દિલ્હી આવતા હતાં તેઓ તેમની મુલાકાત કરતા હતાં મુંબઇમાં પણ તેમણે તેમની મુલાકાત કરી હતી તેમને અનુભવ થયો કે કયારેક કયારેક યોગ્ય રસ્તા પર ચાલવા માટે રસ્તાને બદલવાની જરૂરત હોય છે.ગત મહીને મમતાની પાર્ટીએ જયારે શત્રુઘ્નને ઉમેદવાર બનાવ્યા તો તેમણે તેમને ફોન કર્યો હતો અને આસનસોલ બોલાવ્યા ત્યાં ગયા બાદ તેમને ખબર પડી કે આ તેમના માટે એતિહાસિક તક છે અને તે તેને મેળવી સમ્માનિત અનુભવી રહ્યાં છે.તેમણે કહ્યું કે અહીના લોકોથી ખુબ પ્રેમ મળ્યો છે.

સિન્હાએ કહ્યું કે હું હાલ બે કારણોથી કોંગ્રેસની બાબતમાં વાત કરવા માંગતો નથી પહેલુ કારણ છે કે હું આસનસોલમાં ચુંટણી પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યો છું હું મારી ઉર્જા કે ધ્યાન ભટકાવવા માંગતો નથી અને બીજી વાત એ છે કે દુર્ભાગ્યથી કોંગ્રેસ સંકટના દૌરમાંથી પસાર થઇ રહી છે આ સંકટના દૌરમાં તેને પોતાની ઈજા પર મલમની જરૂરત છે હું એવી વાત કહેવા માંગતો નથી જે તેમની ઈજા પર મીઠુ ભભરાવા સમાન હોય

## કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવત અમરેલીના પ્રવાસેસમાજના અગ્રણીઓને મળી એકતા અંગે ચર્ચા વિચારણા કરશે




અમરેલી,તા.૨

ગુજરાત રાજયના કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવત અમરેલી જિલ્લાના પ્રવાસે આવ્યા છે ત્યારે સામાજિક સંગઠન ક્ષત્રિય એકતા યાત્રા સંદર્ભે ૧ થી ૩ એપ્રિલ સુધી તમામ તાલુકા મથકો પર સમાજના અગ્રણીઓને મળી એકતા અંગે ચર્ચા વિચારણા કરશે.ત્યારે આગામી ૩ માર્ચે અમરેલીમાં પદગ્રહણ સમારોહ યોજાશે. જિલ્લાનો પ્રવાસ શરૂ કર્યો ત્યારે આ ચૂંટણીના વર્ષમાં રાજ શેખાવતના અમરેલી પ્રવાસથી રાજનીતિમાં હલચલ વધશે

કરણી સેના દ્વાર ગુજરાતના દરેક જિલ્લા તાલુકા મથક અને ગામડા સુધી અઠવાડિયામાં ૨ દિવસ દરેક વિસ્તારમાં પ્રવાસ કાર્યક્રમ યોજાશે સમાજમાં પડેલા ભાગલા ફાટા દૂર કરવા સંગઠન મજબૂત બને શિક્ષણ રોજગારી સહિત મુદ્દે સંગઠન આગળ આવશે ગામડે ગામડે સમાજ નો વિકાસ થાત અને કરણી સેનાની સ્થાપના કરાય હાલ અમરેલી જિલ્લામાં કરણીસેનાના પ્રવાસમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાય તેવી શક્યતા જોવા મળી રહી છે.રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના ઉપાધ્યક્ષ રાજ શેખાવતે આ અંગે જણાવ્યું હતું કે આ ચૂંટણીલક્ષી પ્રવાસ નથી. અમારો ૬ મહિનાથી પ્રવાસ ચાલી રહ્યો છે. પરંતુ આ પ્રવાસના માધ્યમથી વિધાનસભા વિસ્તારમાં જ્યાં જ્યાં ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ છે, ત્યાં સમાજના લોકોને ટીકીટ મળે, સમાજના લોકો રાજકીય રીતે આગળ આવે અને સમાજના ઉમેદવારો વિજયી બને તે અંગેનું માર્ગદર્શન આપવા અમે આવ્યા છીએ.અમારા ક્ષત્રિય સમાજના ઉમેદવારો જ્યાં જ્યાં ઉભા રહેશે ત્યાં અમે તેમની સાથે ખભો મિલાવી ચાલીશું. જ્યાં-જ્યાં ક્ષત્રિયોનું પ્રભુત્વ છે ત્યાં અમને ટીકીટો જોઈએ જ છે. જ્યાં જ્યાં ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ છે, ત્યાં ટીકીટ નહિ અપાય તો ક્ષત્રિય સમાજના ઉમેદવારો નિષ્પક્ષ લડશે. જો કે રાજકીય પાર્ટીઓ ટીકીટો આપે તો એ ઘણી સારી વાત છે.

## ભાજપના નેતાએ આઈએફએસ અધિકારીને લાફો મારતા જેલમાં મોકલવામાં આવ્યા



જયપુર,તા.૨

રાજસ્થાનમાં ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય ભવાની સિંહ રાજાવતને વન અધિકારીને થપ્પડ મારવા બદલ જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.રાજાવત પર તેમની ઓફિસમાં આઈએફએસ અધિકારી રવિ મીણા ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટને થપ્પડ મારવાનો આરોપ છે.

હકીકતમાં કોટામાં એક મંદિર પાસે ચાલી રહેલ રોડ બનાવવાનું કામ અટકાવી દેવામાં આવ્યું હતું જેના કારણે ભવાની સિંહ રાજાવત વિરોધ કરી રહ્યાં હતાં જે બાદ તે વન વિભાગની ઓફિસે પહોંચ્યા અને ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ રવિ મીણાને કહેવાતી રીતે થપ્પડ મારી હતી.થપ્પડ મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેના પછી વન વિભાગમાં હડકંપ મચી ગયો હતો અને પોલીસે ભાજપના નેતા અને પૂર્વ સંસદીય સચિવ ભવાની સિંહ રાજાવત વિરૂધ્ધ કેસ નોંધ્યો હતો અને તેમને આ મામલામાં જેલ મોકલી દેવામાં આવ્યા હતાં.

## આર્યન ખાન ડ્રગ્સ કેસના મુખ્ય સાક્ષી પ્રભાકરનું નિધન વકીલનો દાવો હાર્ટ એટેકના કારણે મૃત્યું થયું

મુંબઈ,તા.૨

કોર્ડેલિયા ક્રુઝ ડ્રગ કેસમાં એનસીબીના મુખ્ય સાક્ષી પ્રભાકર સેલનું અવસાન થયું છે.વકીલ તુષાર ખંડારે આ માહિતી આપી છે.ચેમ્બુરના માહુલ વિસ્તારમાં તેમના નિવાસસ્થાને હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતુ આ કેસમાં બોલિવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને પણ આરોપી બનાવવામાં આવ્યો હતો.જો કે બાદમાં તેને જામીન પણ મળ્યા છે.પ્રભાકર સેલ એનસીબીના સાક્ષી કિરણ ગોસાવીનો બોર્ડીગાર્ડ હતો તેણે આરોપ લગાવ્યો કે ગોસાવીએ ક્રુઝ શિપ પર દરોડા પાડયા બાદ એક વ્યક્તિ પાસેથી ૫૦ લાખ રૂપિયા લીધા હતાં.સેલએ કહ્યું હતું કે હું કિરણ ગોસાવીના બોડીગાર્ડ તરીકે કામ કરતો હતો મેં તેને મુંબઈ ક્રુઝ ડ્રગ્સ કેસમાં મદદ કરી હતી જો કે એનસીપીએ કોર્ટમાં તેના સોગંદનામામાં સેઈલને પ્રતિકૂળ સાક્ષી તરીકે નામ આપ્યું હતું ગોસાવી વિરૂધ્ધ ૧૮ ઓકટોબરે કેસ નોંધવામાં આવ્યો હતો તે બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન પર ડ્રગ્સ ઓન ક્રુઝ કેસના સંબંધમાં નાર્કોટિકસ કંટ્રોલ બ્યુરો ઓફિસમાં આરોપ લગાવતો જોવા મળ્યો હતો.૨ ઓકટોબર ૨૦૨૧ના રોજ દરિયાની મધ્યમાં ગોવા જઈ રહેલ કોર્ડેલિયા ક્રુઝ શિપ પર એનસીબીની ટીમ દ્વારા ડ્રગ્સની કથિત પાર્ટી પર્દાફાશ કરવામાં આવ્યો હતો આ કેસમાં અત્યાર સુધીમાં આર્યન સહિત કુલ ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી...

# દેશહિતની કૂટનીતિ

*છેલ્લા થોડા દિવસોથી નવી દિલ્હીમાં વિદેશી હસ્તીઓની લાઈન લાગી છે, જે ભારતની વધતી મહત્તાનું સૂચક છે. છેલ્લા દસ દિવસમાં કદાચ જ કોઈ દિવસ એવો ગયો હશે, જ્યારે કોઈ વિદેશી રાજદ્વારી ભારત ન આવ્યા હોય. તેમાં જાપાનના વડાપ્રધાનથી માંડીને ઓસ્ટ્રેલિયા, ગ્રીસ, ઓમાન, બ્રિટન, ચીન, મેક્સિકોના વિદેશ મંત્રી અને જર્મની, યુરોપીય સંઘના વિશેષ પ્રતિનિધિ અને અમેરિકાના ઉપરાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સુદ્દ્યાં સામેલ છે. આ બધા વચ્ચે ભારતીય વડાપ્રધાન મોદીની ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે વર્ચ્યુઅલ વાત પણ થઈ છે. રશિયાના વિદેશ મંત્રી બાદ નેપાળના વડાપ્રધાન પણ ભારત આવવાના છે. ઈઝરાયલી વડાપ્રધાને પણ ભારત આવાનું હતું, પરંતુ તેઓ કોરોના ગ્રસ્ત થઈ જવાને કારણે તેમની યાત્રા ટળી ગઈ. આ દરમ્યાન ભારતીય વિદેશ મંત્રી માલદીવ અને શ્રીલંકા ગયા, ત્યાં જ વડાપ્રધાન મોદીએ બિમ્સટેક દેશોના શિખર સંમેલનને સંબોધિત કર્યું. આ એ ક્ષેત્રીય સહયોગ સંગઠન છે, જેના માધ્યમથી એ ખામીને દૂર કરી શકાય છે, જે દક્ષેસ સંગઠન નિષ્પ્રભાવી હોવાને કારણે જોવા મળી રહી હતી. એ પણ ધ્યાન રહે કે યુક્રેન સંકટ દરમ્યાન જ ભારતની સદસ્યતાવાળા ક્વોડ દેશોના સત્તાધીશોમાં પણ સંવાદ થયો છે.*

*તેના પહેલાં એવા કોઈ કાળખંડ યાદ આવવો કઠિન છે, જ્યારે ભારત વિશ્વના મુખ્ય દેશોના કેન્દ્રમાં આ પ્રકારનો આવ્યો હશે. આ સ્થિતિ એટલા માટે બની, કારણે આજે દરેક દેશ એ સમજી રહ્યો છે કે ભારત એક ઊભરતી શક્તિ છે અને તેની સાથે સહયોગ-સંપર્ક રાખવો જરૂરી છે. ભારતના આ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પાછળ ભારતીય વડાપ્રધાનની એ કૂટનીતિક સક્રિયતા છે, જે તેમણે છેલ્લાં સાત-આઠ વર્ષમાં અને ત્યાં સુધી કે કોરોના કાળમાં પણ અપનાવી. એ સહજ રીતે સમજી શકાય છે કે ભારત કેન્દ્રિત કૂટનીતિક સક્રિયતાનું એક મોટું કારણ યુક્રેન સંકટ છે. આ સંકટનું સમાધાન ચાહે જે રૂપે થાય, એ નક્કી છે કે વિશ્વ વ્યવસ્થામાં બદલાવ થવા જઈ રહ્યો છે અને તેમાં ભારતની એક મોટી ભૂમિકા હશે તે નક્કી છે. આ જ કારણે જ્યાં કેટલાય પશ્ચિમી દેશો યુક્રેન મામલે ભારતને પોતાના પક્ષમાં ખેંચવાની કોશિશ કરી રહ્યા છે, ત્યાં જ કેટલાક ભારત પાસેથી એ જાણવા માંગે છે કે રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોની અસરનો સામનો કેવી રીતે કરવો? યુક્રેન સંકટને લઈને ભારતે જે રીતે કોઈપણ પક્ષમાં ઊભા રહેવાને બદલે પોતાના હિતોને જ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પોતાની નીતિને રેખાંકિત કરી છે, તેના પર તેણે અડગ રહેવું જોઈએ, બલ્કે તેના માટે સક્રિય પણ થવું જોઈએ કે રશિયા અને યુક્રેન વચ્ચે કોઈ સમજૂતી કઈ રીતે થાય?*

# સંત એકનાથજી મહારાજનું જીવનચરીત્ર

બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ પિતા સૂર્યનારાયણ અને માતા રૂકમણીદેવીની કુખે સંત એકનાથનો જન્મ મહારાષ્ટના પૈઠણ ગામમાં આજથી ૧૧૨ વર્ષ પહેલાં થયો હતો.જન્મથી તેઓમાં દૈવીગુણો હતા.બાળપણથી તેઓ ઈશ્વરના પરમ ભક્ત હતા.યજ્ઞોપવિત આપ્યા બાદ એકવાર તેઓ સ્વાધ્યાય કરતા હતા તે સમયે આકાશવાણી થઇ કે તમે દેવગઢ ગામે જઇ જનાર્દન પંત પાસે જઇ જ્ઞાન પ્રાપ્તિ કરો.એકનાથ તુરંત જ નીકળી પડે છે અને સતત છ વર્ષ સુધી જનાર્દન પંતની સાચા હૃદયથી સેવા કરે છે.જનાર્દન પંતે સમજાવ્યું કે સાંસારીક ભૂલો શોધવામાં આપણને આનંદ આવે છે તો સંસારમાં આપણાથી પણ ઘણી ભૂલો થાય છે તે શોધશો તો તમારૂં જીવન ધન્ય થઇ જશે.સાચી લગનથી પ્રભુ પરમાત્મામાં મન લગાવો.સંત આજ્ઞા માથે ચઢાવી એકનાથજીએ ભગવાનમાં મન લગાવ્યું તો પૂર્વજન્મના સતકર્મોથી થોડા જ સમયમાં તેમને ભગવાન દત્તાત્રેયના દર્શન થાય છે અને આ વાત તેમને જનાર્દન પંતને કહી.ગુરૂજીએ આર્શિવાદ આપ્યા કે આજથી તમે ગુરૂ દત્તાત્રેયને પોતાના ઈષ્ટ માનજો તમારૂં કલ્યાણ થશે.

એક સમયે ધ્યાન અવસ્થામાં ભગવાન દત્તાત્રેયે દિક્ષા આપી કહ્યું કે હે ભક્તરાજ ! પર્વત ઉપર જઇ ભજન કરી ધર્મનો પ્રચાર કરો.તેઓ નાસિક થઇ ત્ર્યબકેશ્વર પહોંચી ચતુ:શ્લોકી ભાગવત પર વ્યાખ્યા લખી ત્યારબાદ તેઓ ચિત્રકૂટ જાય છે ત્યાં તેમને ભગવાન શ્રીરામના દર્શન થાય છે.ત્યારબાદ તેઓ પોતાના વતનમાં પરત આવે છે.તે વખતે તેમની કીર્તિ ખુબ ફેલાઇ હતી.ઘરના વડીલોએ જનાર્દન પંત પાસે જઇ એકનાથજીના લગ્ન માટે રજા માંગી.ગુરૂજીએ રજા આપતાં એકનાથજીના લગ્ન ખુબ જ ભક્તિભાવવાળા ગિરજાદેવી સાથે કરવામાં આવે છે.એકનાથજી ભાગવતની કથા સરળ ભાષામાં કહેતા અને જાતે ભજનો બનાવી સુંદર અવાજે ગાતા હતા.

સંત એકનાથજીને જીવમાત્ર ઉપર દયા અને સમતાનો ભાવ હતો.બાર વર્ષની ઉંમરે તેમને રામાયણ,મહાભારત અને ભાગવતનો અભ્યાસ કર્યો હતો.એકવાર તેઓ ક્યાંક જઇ રહ્યા હતા ત્યારે રસ્તા પર નીકળેલા સાપને લોકો મારી રહ્યા હતા.તેમને લોકોને અટકાવીને કહ્યું કે આ સાપ ક્યાં તમોને કરડવા આવે છે તે તો રસ્તો ઓળંગી રહ્યો છે.બસ સાપ જોયો નથી અને મારો છો,તે સાપ યોનિમાં જન્મ્યો છે તો શું થયું? તમે તેને મારો નહી તો તે પણ તમોને નહી મારે,એને પોતાના જાનનું જોખમ લાગે તો ડરીને ડંખ મારે છે.સંતના વચનની અસર થઇ અને લોકોના ગળે વાત ઉતરી અને સાપને જવા દીધો.

કેટલાક દિવસ બાદ એકનાથજી અંધારામાં નદીએ સ્નાન કરવા માટે જઇ રહ્યા હતા તે સમયે સાપ રસ્તા વચ્ચે ફેણ ચઢાવીને ઉભો રહી જાય છે.સંત એકનાથજીએ તેને હટાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ સાપ રસ્તામાંથી ખસ્યો જ નહી તેથી તેઓ બીજા ઘાટે સ્નાન કરવા માટે જાય છે.સ્નાન કરી તેઓ પરત આવે છે તે સમયે અજવાળું થઇ ગયું હતું તેથી કુતુહલવશ તેઓ જ્યાં સાપ હતો તે જગ્યાએ જાય છે તો ત્યાં સાપ નહોતો પણ જ્યાં સાપ હતો તે રસ્તાની આગળ વરસાદના લીધે મોટો ખાડો પડ્યો હતો.એકનાથજી ખાડામાં પડી ના જાય તે માટે તેમને પાછા વાળવા માટે સાપ રસ્તા વચ્ચે ફેણ ફેલાવી ઉભો રહી ગયો હતો.એકનાથજી સમજી ગયા કે જે સાપને લોકોના મારથી બચાવ્યો હતો તેણે જ પરોપકારનો બદલો વાળવા મને ખાડામાં પડતો બચાવી મારૂં રક્ષણ કર્યું છે.

એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા.ગોદાવરી નદી ઉપર જવાના રસ્તા પર એક પઠાણ રહે.તે માર્ગમાંથી જે હિન્દુઓ સ્નાન કરીને જાય તેમને તે બહુ તંગ




કરતો.એકનાથ મહારાજ એ જ રસ્તે ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણ મહારાજને પણ તંગ કરતો પણ એકનાથજી સર્વ સહન કરે.એક દિવસ પઠાણને થયું આ માણસ ક્રોધ કેમ કરતો નથી? આજે તો તેને ગુસ્સે કરવો જ છે.એકનાથજી સ્નાન કરી પાછા ફરતાં હતા ત્યારે પેલો યવન મહારાજ પર થૂંક્યો.મહારાજ ફરી સ્નાન કરવા ગયા પણ યવન પર ગુસ્સે થયા નહિ. મહારાજ વારંવાર સ્નાન કરવા જાય અને પેલો યવન થૂંકે.મહારાજ ગોદાવરીમાને કહે કે મા.. ફરીફરી સ્નાન કરવા બોલાવે છે તારી કૃપા છે.યવન રસ્તો ના છોડે ત્યાં સુધી મારે મારો રસ્તો છોડવો નથી.મહારાજ ૧૦૮ વાર સ્નાન કરવા ગયા છે.યવન શરમાયો, મહારાજને પગે પડી ક્ષમા માગી આપ સંત છો.આપને હું ઓળખી શક્યો નહિ.મહારાજ કહે એમાં ક્ષમા કરવા જેવું શું છે? તારા લીધે આજ ૧૦૮ વાર ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મળ્યું.

એકનાથજીએ એક આશ્રમ બનાવ્યો હતો.તેમની સાથે આશ્રમમાં બીજા ઘણા લોકો પણ રહેતા હતા,તેમાંથી એક તેમનો અંગત સચિવ હતો જેનું નામ પુરણ પૌડા હતું.અંગત સેક્રેટરીને આ નામ એટલા માટે આપવામાં આવ્યું હતું કારણ કે તે ખૂબ ખાતો હતો,તેને ખૂબ ભૂખ લાગતી હતી.થોડો જાડો પણ થઇ ગયો હતો.એકનાથજી પહેલા પુરણ પૌડા ઉઠી જતો હતો.એકનાથજી આખો દિવસ જે કંઈ કરતા હતા,પૂરણ પૌડા તેમની સાથે રહીને તેમની સેવા કરતો હતો,તે ગુરૂના સુઈ જાય પછી જ સૂતો હતો, તે દરેક ક્ષણે ગુરૂની સેવા માટે હંમેશા સજાગ રહેતો. એક દિવસ એકનાથજીને લાગ્યું કે હવે તેઓ આ સંસાર છોડીને જવાના છે. તેથી તેમણે બધા શિષ્યોને બોલાવ્યા.એકનાથજીએ બધાને કહ્યું કે 'આ દિવસોમાં હું ગ્રંથ લખી રહ્યો છું મને એવો અનુભવ થાય છે કે જો મારી ઉંમર પૂરી થઈ જશે તો કદાચ આ પુસ્તક પૂરૂં નહીં થાય.મારા ગયા પછી પુસ્તક અધૂરૂં રહી જાય તો પૂરણ પૌડા પાસે પૂરૂં કરાવજો.આ સાંભળીને બધાને ખૂબ જ આશ્ચર્ય થયું. બધા કહેવા લાગ્યા કે આ કામ માટે તમારો દીકરો હરિ યોગ્ય છે,તે પંડિત બની ગયો છે.નિયમ પ્રમાણે ભણ્યો છે તેને તમારો અધૂરો ગ્રંથ પૂરો કરવાનો અધિકાર છે પછી એકનાથજીએ કહ્યું 'મારો દીકરો વિદ્વાન બની ગયો છે પરંતુ તેના મનમાં મારા માટે પિતાની લાગણી છે પણ પુરણ પૌડા મને માત્ર ગુરૂ માને છે તે ગુરુ-શિષ્યનો સંબંધ પૂરા દિલથી નિભાવે છે.આ પુસ્તકનું બાકીનું કાર્ય વિદ્વતાથી નહિ પણ શ્રદ્ધાથી પૂરૂં થશે. શ્રદ્ધામાં ડૂબેલા શબ્દોની ઊંડી અસર થાય છે બાદમાં પુરણ પૌડાએ તે પુસ્તક પૂર્ણ કર્યું હતું.

અહીં એકનાથજીએ આપણને શીખવ્યું છે કે સંબંધોમાં લાગણીની સાથે વિશ્વાસ અને વફાદારી પણ હોવી જોઈએ તો જ સંબંધોમાં પ્રેમ અને ગૌરવ જળવાઈ રહે છે.દરેક શિષ્યએ હંમેશા ગુરૂની સેવા માટે તત્પર રહેવું જોઈએ.

એકવાર મધરાતના સમયે એકનાથજીનું ઘર શોધતાં શોધતાં કેટલાક અતિથિઓ આવી ચડયા. એમના માટે રસોઈ કરવા એકનાથજીના પત્ની ગિરિજાબાઈ પણ એ જ સમયે બેસી ગયા.ભોજનની સામગ્રી તો ઘરમાં હતી પણ બળતણના પૂરતાં લાકડા નહોતાં.રાતના સમયે લાકડા લેવા ક્યાં જવું? અને લઈને આવે એટલો સમય અતિથિઓને વધારે ભૂખ્યા રહેવું પડે એટલે એકનાથજીએ એમના ઘરના છાપરામાંથી વળીઓ ખેંચી કાઢી એનો ઈંધણ તરીકે ઉપયોગ કર્યો અને તરત ભોજન બનાવી અતિથિઓને જમાડયા.

એકવાર એકનાથજીના ઘેર કેટલાક ચોર ચોરી કરવા આવ્યા.એક ઓરડામાંથી સામાન ચોરી એનું પોટલું બનાવી બીજા ઓરડામાં આવ્યા.ત્યાં એકનાથજીએ ભગવાનની મૂર્તિ પાસે રાખેલા ઘીના દીવાના આછા અજવાળામાં ભગવત્સ્મરણ કરી રહ્યા હતા.એકનાથજીને જાગતા જોઈ તે ત્યાંથી નાસવા જતા હતા પણ એકનાથજીએ એમને ઉભા રાખ્યા.પોતાની આંગળીએ પહેરેલી એક વીંટી કાઢીને એમને આપી.થોડા સિક્કા પણ આપ્યા અને કહેવા લાગ્યા કે 'આ પણ લઈ જાઓ.પેલા સામાન કરતાં આ વધારે કીમતી છે.' બીજી વસ્તુઓ એક પોટલામાં ભરી એમને આપવા લાગ્યા.ચોરોએ એકનાથજીના પગમાં પડી માફી માંગી. એકનાથજીએ એમના પત્ની ગિરિજાબાઈને જગાડી રસોઈ કરાવી અને તે જમાડી ચોરોને વિદાય કર્યા. ચોરોએ ત્યારથી ચોરી નહીં કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી.

કાશીની યાત્રા કરીને એકનાથજી જયારે પ્રયાગનું ગંગાજળ કાવડમાં લઈને રામેશ્વર જઈ રહ્યા હતા ત્યાં રસ્તામાં એક રેતાળ પ્રદેશ આવ્યો.ગરમીના દિવસો હતા.

એકનાથજી અને એમની સાથે બીજા સંતો તથા ભક્તો ત્યાંથી જઈ રહ્યા હતા.તેમણે એક ગધેડાને તરસને લીધે રેતીમાં તરફડતું જોયું. બીજા બધાએ આ જોયું પણ કંઈ ના કર્યું. જ્યારે એકનાથજીએ તેને જોયો કે તરત દોડી ગયા અને રામેશ્વરના શિવલિંગ પર અભિષેક રૂપે ચડાવવાનું પવિત્ર ગંગાજળ કાવડમાંથી કાઢી એ ગધેડાને પીવડાવી દીધું. એનાથી ગધેડાના પ્રાણ બચી ગયા.તેમને સાથી ભક્તોએ ઠપકો આપ્યો તો તે કહેવા લાગ્યા પ્રાણીમાત્રમાં પરમેશ્વર રહેલ છે.આ પ્રાણીના પ્રાણ સંક્ટમાં હતા એને પાણી પીવડાવી મેં શિવલિંગ પર અભિષેક કરવા જેટલું જ પુણ્ય પ્રાપ્ત કર્યું છે.કાવડનું ગંગાજળ જે ગધેડાએ પીધું તે સીધું રામેશ્વર ભગવાન પર જ ચડયું છે.રામેશ્વર ભગવાને પ્રગટ થઈ એકનાથજીની વાતનું સમર્થન કર્યું અને કહ્યું તમારી ઉદારતાની કસોટી કરવા જ મેં પોતે ગર્દભનું રૂપ લીધું હતું.

એકનાથજીના જમાનામાં છૂત-અછૂતની ભ્રમણા ઘણી હતી.શુદ્દ જાતિમાં જન્મેલ રાન્યા નામનો એક યુવાન એકનાથજીના કિર્તનમાં આવીને તેમના મોઢેથી ઉપદેશ સાંભળતો કે પ્રાણીમાત્રમાં એક જ ઈશ્વરનો વાસ છે એટલે જગતના તમામ મનુષ્યો અને પ્રાણીઓ સાથે સમાનતાથી વર્તવું જોઇએ.પ્રભુની બનાવેલ સૃષ્ટિમાં કોઇ ઉંચ કે નીચ નથી.આવું સાંભળ્યા બાદ રાન્યાએ એકનાથજીને પોતાના ઘેર ભજન અને ભોજન માટે આમંત્રણ આપે છે.એકનાથજીએ તેના આમંત્રણનો સ્વીકાર કરી ગામના બીજા બ્રાહ્મણોના વિરોધ હોવા છતાં રાન્યાના ઘેર ભોજન લીધુ.સંત એકનાથજીએ અનેક પતિત લોકોનો ઉદ્ધાર કર્યો. એક દેહ વ્યાપાર કરતી પતિત સ્ત્રીને શ્રીમદ ભાગવત કથામાં પિંગલા ચરીત્રનું આખ્યાન સાંભળી વૈરાગ્ય ઉપજ્યો અને પુર્વ જીવનનો પશ્ચાતાપ થતાં ભગવાનની ભક્તિના માર્ગે પોતાનું જીવન બદલી પોતાનો ઉદ્ધાર કર્યો. છાસઠ વર્ષની વયે દેહ છોડતાં પહેલાં તેમને અંતિમ ઉપદેશ આપ્યો કેઃ ભાગવત ધર્મનું પાલન કરજો, હળીમળીને રહેજો,એક પ્રભુ પરમાત્માનું શરણું લઇ મનુષ્ય જન્મ સાર્થક કરજો.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી
૯૭૨૬૧૬૬૦૭૫

## ભારત અને ઓસ્ટ્રેલિયાએ એક બીજા સાથે આર્થિક સહયોગ અને વેપાર અંગે કરાર કર્યા

નવીદિલ્હી,તા.૨

ભારત અને ઓસ્ટ્રેલિયાએ શનિવારે એક બીજા સાથે આર્થિક સહયોગ અને વેપાર અંગે કરાર કર્યા. બંને દેશો વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર થયા. આ કરારથી બંને દેશોને ખુબ ફાયદો થશે. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આપણી અર્થવ્યવસ્થાઓ વચ્ચે એકબીજાની જરૂરીયાતોને પૂરી કરવાની ખુબ ક્ષમતા છે. મને વિશ્વાસ છે કે આ કરારથી આપણે આ તકનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકીશું. આ કરારના આધારે આપણે સાથે મળીને સપ્લાય ચેનનું લચીલાપણું વધારવા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિરતામાં પણ યોગદાન કરી શકીશું.

રિપોર્ટ્સ મુજબ પીએમ મોદીએ કહ્યું કે આટલા ઓછા સમયમાં આટલા મહત્વપૂર્ણ કરાર પર સહમતિ બની એ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે કેટલો પરસ્પર વિશ્વાસ છે. આ અમારા દ્વિપક્ષીય સંબંધો માટે ખરેખર એક ઐતિહાસિક ક્ષણ છે. આ સંબંધ ભારત-ઓસ્ટ્રેલિયા મિત્રતાનો મહત્વપૂર્ણ સ્તંભ છે. આ કરાર આપણી વચ્ચે વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ, અને પર્યટકોનું આદાન પ્રદાન સરળ બનાવશે. જેનાથી આ સંબંધ વધુ મજબૂત થશે. આ અવસરે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે ભારત-ઓસ્ટ્રેલિયા નેચરલ પાર્ટનર છે જે લોકતંત્ર, કાયદાનું શાસન અને પારદર્શકતાના જોઈન્ટ મૂલ્યો સાથે જોડાયેલા છે. બે ભાઈઓની જેમ બે રાષ્ટ્રોએ મહામારીમાં એકબીજાને સાથ આપ્યો. તેમણે કહ્યું કે આગામી ૪-૫ વર્ષોમાં ભારતમાં ૧૦ લાખ રોજગારી પેદા થવાની આશા વ્યક્ત કરીએ છીએ. આવનારા સમયમાં ભારતીય શેફ અને યોગ ઈન્સ્ટ્રક્ટર્સ માટે નવી તકો ખુલશે. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચ શૈક્ષણિક સંસ્થાનોના સહયોગ ઉપર પણ ચર્ચા થઈ. આ કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા ટેક્સટાઈલ, ચામડું, આભૂષણ અને ખેલ ઉત્પાદનો સહિત ૯૫ ટકાથી વધુ ભારતીય વસ્તુઓ માટે પોતાના બજારમાં શુલ્ક મુક્ત પહોંચ પ્રદાન કરશે. વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલ અને ઓસ્ટ્રેલિયાના વેપાર, પર્યટન અને રોકાણ મંત્રી ડેન ટેહને એક ઓનલાઈન સમારોહમાં ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા. આ અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ સ્કોટ મોરિસન પણ હાજર હતા. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસને કહ્યું કે આ કરારથી બંને દેશો વચ્ચે સતત ગાઢ થઈ રહેલા સંબંધોમાં એક વધુ ઐતિહાસિક આયામ જોડાઈ ગયો છે.

તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિ કોલસા, એલએનજી, દુર્લભ ખનીજોની આપૂર્તિના માધ્યમથી ભારતના વિનિર્માણ ક્ષેત્રની વૃદ્ધિમાં સહયોગ વધારી શકશે. તેમણે કહ્યું કે આર્થિક અને વેપારિક સહયોગમાં સ્થિરતા ક્વાડ સમૂહના નેતાઓ વચ્ચે વાતચીતનો એક મુખ્ય વિષય રહે છે. મોરિસને કહ્યું કે આ કરારથી શિક્ષણ, વેપાર, પર્યટન અને અન્ય ક્ષેત્રમાં વિસ્તાર થશે.

## ઝેલેન્સકીને યુરોપિયન સંસદનો સાથ મળ્યો,સમય સારો હોય કે ખરાબ અમે તમારી સાથે છીએ

કીવ,તા.૨

રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધને એક મહિનાથી વધુ સમય થઇ ગયો છે અત્યાર સુધી રશિયન સૈનિકોના હુમલા ચાલુ છે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બંન્ને દેશો વચ્ચે સમાધાન માટે પ્રયાસો ચાલુ છે દરમિયાન યુરોપિયન સંસદના પ્રમુખ રોબર્ટા મેત્સોલા યુક્રેનની મુલાકાતે ગયા અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી તેમની મુલાકાતનું યુક્રેનના નેતાઓએ સ્વાગત કર્યું છે જેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા ભાષણમાં તેને દેશ માટે મહત્વપૂર્ણ ક્ષણ ગણાવી છે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ટીપ્પણી કરી હતી કે તમે બહાદુરી બતાવી છે કારણ કે આ સમયે યુક્રેન આવવું એક સાહસિક કાર્ય છે અલબત્તા અમે યુક્રેનનું રક્ષણ કરી રહ્યાં છીએ કારણ કે તે અમારો દેશ અને આપણું જીવન છે પરંતુ તમારા માટે અહી આવવું અને અમારા લોકોને સમર્થન આપવું ખુબ જ મહત્વપૂર્ણ છે.

## સપ્તાહ દરમિયાન ક્રૂડ તેલના વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૯૦૦નો ઘટાડો

સોનાનો વાયદો રૂ.૪૯૩ અને ચાંદીનો વાયદો રૂ.૧,૮૩૩ તૂટ્યોઃ કપાસ, કોટનમાં ઉછાળોઃ રબરમાં નરમાઈઃ મેન્થા તેલમાં સુધારોઃ બુલડેક્સ વાયદામાં ૬૪૫ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૧૩૫૦ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૭૨૦ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૫થી ૩૧ માર્ચના સપ્તાહ દરમિયાન ૨,૨૯૬,૮૫૪ સોદાઓમાં કુલ રૂ.૧૯૪,૧૮૦.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૬૪૫ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના એપ્રિલ વાયદામાં ૧૩૫૦ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના એપ્રિલ વાયદામાં ૭૨૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૬૨,૬૭૭ સોદાઓમાં કુલ રૂ.૫૩,૫૧૫.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૨,૦૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૧૦૦ અને નીચામાં રૂ.૫૦,૩૫૪ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૯૩ ઘટી રૂ.૫૧,૫૮૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૩૭ ઘટી રૂ.૪૧,૨૧૯ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૫,૧૪૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૯૨૪ના ભાવે ખૂલી, રૂ.૨૦૮ ઘટી રૂ.૫૧,૬૩૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૯,૬૬૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૯,૬૬૩ અને નીચામાં રૂ.૬૫,૨૯૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૧૮૩૩ ઘટી રૂ.૬૭,૪૮૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૧૭૩૯ ઘટી રૂ.૬૭,૬૬૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૩૯ ઘટી રૂ.૬૭,૬૬૨ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬૬,૯૯૮ સોદાઓમાં રૂ.૧૨,૭૯૦.૫૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૩.૨૫ વધી રૂ.૨૯૭.૨૫ અને જસત માર્ચ વાયદો રૂ.૧૩.૪૦ વધી રૂ.૩૪૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૮.૫૫ વધી રૂ.૮૨૧.૩૦ અને નિકલ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧૫૯.૧ વધી રૂ.૨,૪૮૪.૪૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૧૦ વધી રૂ.૧૯૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬૯૮,૨૫૨ સોદાઓમાં કુલ રૂ.૬૦,૭૫૯.૩૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૮,૬૨૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮,૭૧૫ અને નીચામાં રૂ.૭,૪૨૬ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૯૦૦ ઘટી રૂ.૭,૭૬૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૮૦ વધી રૂ.૪૩૬.૪૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૦૮૮ સોદાઓમાં રૂ.૧,૬૬૧.૨૦ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૨,૧૯૭.૫૦ બંધ થયો હતો. કોટન માર્ચ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૦,૬૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૩,૧૦૦ અને નીચામાં રૂ.૪૦,૫૩૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૯૧૦ વધી રૂ.૪૩,૩૭૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૫૭ ઘટી રૂ.૧૬૮૬૫ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૭૦.૬૦ વધી રૂ.૧૧૮૪.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮૦,૨૩૩ સોદાઓમાં રૂ.૩૦,૨૬૪.૬૧ કરોડનાં ૫૮,૮૦૨.૨૩૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬૮૨,૪૪૪ સોદાઓમાં કુલ રૂ.૨૩,૨૫૦.૭૭ કરોડનાં ૩,૪૩૫.૬૫૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૩૮૨,૪૫૬ સોદાઓમાં રૂ.૩૭,૮૮૫.૨૨ કરોડનાં ૪૭,૦૮૫,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૫,૭૯૬ સોદાઓમાં રૂ.૨૨,૮૭૪ કરોડનાં ૫૪૪૮૮૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧૧,૦૨૭ સોદાઓમાં રૂ.૧,૫૭૧.૬૭ કરોડનાં ૩૭૩૩૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧,૯૬૬ સોદાઓમાં રૂ.૮૬.૭૨ કરોડનાં ૮૦૯.૬૪ ટન, રબરના વાયદાઓમાં ૮૩ સોદાઓમાં રૂ.૨.૧૧ કરોડનાં ૧૨૧ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૧૯૩.૩૫૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૨૯.૮૪૮ ટન, ક્રૂડ તેલમાં ૫૦૨૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૫૯૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૫૭૭૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૪૪.૨૪ ટન, રબરમાં ૬૫ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૬૪૧૭ સોદાઓમાં રૂ.૫૧૬.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬,૩૫૭ સોદાઓમાં રૂ.૫૦૯.૫૯ કરોડનાં ૬,૭૫૩ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૨૬ સોદાઓમાં રૂ.૨.૯૭ કરોડનાં ૨૭ લોટ્સ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૩૪ સોદાઓમાં રૂ.૩.૫૮ કરોડનાં ૩૪ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૬૦૭ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૪૧ લોટ્સ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૩૯ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જી ઈન્ડેક્સ એપ્રિલ વાયદો ૮,૭૩૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૮૪૦ અને નીચામાં ૮,૧૨૦ના સ્તરને સ્પર્શી, ૭૨૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૭૩ પોઈન્ટ ઘટી ૮,૨૫૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૫,૩૯૫ના સ્તરે ખૂલી, ૬૪૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૨૧ પોઈન્ટ ઘટી ૧૫,૧૬૪ના સ્તરે અને મેટલડેક્સએપ્રિલ વાયદો ૨૧,૮૫૦ના સ્તરે ખૂલી, ૧૩૫૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૬૭ પોઈન્ટ ઘટી ૨૧૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૬૪૯૪૨૨ સોદાઓમાં રૂ.૬૪,૯૩૭.૬૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૬૬૨.૦૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૧૯.૧૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૩,૦૯૭.૩૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૫૫૪.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

## સુરતના વેસુમાં યુવકને ચપ્પુના ઘા ઝીંકી રહેંસી નાંખ્યો, હસી મજાકમાં થયેલો ઝઘડો હત્યા સુધી પહોંચ્યો

સુરતના વેસુ વિસ્તારમાં આવેલા એસએમસી આવાસમાં હત્યાની ઘટના બની હતી. અહિં ૨૩ વર્ષીય યુવકની હત્યા કરવામાં આવી હતી. બે ઈસમો સાથે હસી મજાક બાદ ઝઘડો થયો હતો. ઝઘડાએ ઉગ્રસ્વરૂપ ધારણ કરતાં બે યુવકોએ ચપ્પુના ઘા ઝીંકી મિત્રની નિર્મમ રીતે હત્યા કરી હતી. યુવકના મોતથી મૃતકની છ મહિનાની દીકરીએ પિતાની છત્રછાયા ગૂમાવી હતી. બીજી તરફ બનાવની જાણ પોલીસને થતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધી તપાસ શરુ કરવામાં આવી છે.ગતરાત્રીના ૯ વાગ્યાની આસપાસ દરમ્યાન વેસુ એસએમસી આવાસમાં દીપુ રાઠોડ અને તેનો ભાઈ બેઠા હતા. આ દરમ્યાન આકાશ બેસાણે નામનો ઈસમ ત્યાં આવ્યો હતો. બંન્ને વચ્ચે હસી મજાક ચાલતી હતી. આ દરમ્યાન કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો. ઝઘડામાં આકાશે દીપુ પર હુમલો કર્યો હતો. જેથી દીપુને ઈજા થતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત થયુંછે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0110
પ્રકાર : ગદ્ય-વાર્તા
વિષય : મનના ખૂણે સચવાયેલી વાત
શબ્દો : ૩૩૪
શીર્ષક : 'કોના ભરોસે'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

સાતેક વર્ષ પહેલાંની મનના ખૂણે સચવાઈ રહેલી આ સત્ય ઘટના છે. જે અહીં રજૂ કરું છું. મારી વર્ષગાંઠની ઉજવણી હું અલગ પ્રકારે કરતો. તે દિવસે સાંજે અમે પતિ-પત્ની, ગરમ ગોટા અને જલેબીનો નાસ્તો તૈયાર કરાવી નજીકના વૃધ્ધાશ્રમમાં પહોંચી ગયા, જ્યાં આશરે પચાસેક વૃધ્ધ પુરુષ અને સ્ત્રી નિર્ધારિત રૂમોમાં રહેતાં. સંચાલકને અગાઉ થી વાત કર્યા મુજબ સાંજે ચાર વાગે તેમને અપાતી ચાની સાથે મારો નાસ્તો હતો. ત્યાંના કેરટેકર ભાઈએ ઘંટડી વગાડી સહુને નાસ્તો લેવા માટે નીચે બોલાવ્યા.જોઈતો નાસ્તો લઈ કેટલાક નીચે ઓટલા ઉપર બેસીને ખાવા લાગ્યા તો કેટલાક નાસ્તો લઈને પોતાના રૂમ તરફ ચાલ્યા ગયા.

અચાનક ઉપરની એક ઓરડીમાંથી એક વૃધ્ધ પુરુષ અને સ્ત્રીનો ઘાંટાઘાંટ કરતો અવાજ આવ્યો. વૃધ્ધ સ્ત્રી પુરુષના હાથમાંથી જલેબીની ડીસ ખેંચી કહી રહી હતી, હું તમને જલેબી નહીં ખાવા દઉં. ૩૦૦ ડાયાબિટીસ રહે છે તો પણ હજુ તમારે ગળ્યું ખાયા જ કરવું છે. માંદા પડશો તો અહીં કોઈ છે તમારું, જે તમારી કાળજી લેવા આવશે? ખેંચાખેંચમાં જલેબીની ડીશ નીચે પડી ગઈ અને જલેબી જમીન પર ઢોળાઈ ગઈ. અમે બંને તે રૂમ તરફ દોડી ગયા. બીજી જલેબી આપવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. વૃધ્ધ પુરુષના ચહેરા ઉપર સ્પષ્ટ ગુસ્સો દેખાઈ રહ્યો હતો અને વૃધ્ધ સ્ત્રી જે તેમની પત્ની લાગતી હતી, તે પુરા અધિકારથી તેના વૃધ્ધ પતિને જલેબી ખાવા મનાઈ ફરમાવી રહી હતી. થોડીવાર પછી પાસે બેસીને પૂછ્યું, બા, કાકાને બહુ ઈચ્છા હોય તો એક બે ટુકડા જલેબી ખાવા દો ને? વૃધ્ધ સ્ત્રી આંખમાં પાણી સાથે બોલી, એમને કંઈ થયું અને એ નહીં હોય એ દિવસે મારું શું? મારી એકની એક દીકરી ઓસ્ટ્રેલિયા રહે છે. પરંતુ અમને હાલ ત્યાં બોલાવી શકે એમ નથી. બંને પક્ષે મૌન છવાઈ ગયું.

અમારા મનમાં પ્રશ્નોની હારમાળા શરૂ થઈ ગઈ. એવા તો કયા સંજોગોમાં આ વૃધ્ધ દંપતીને વૃધ્ધાશ્રમની આવી નાનકડી રૂમમાં રહેવું પડતું હશે? આ ઉંમરે થોડું ચટાકેદાર ફરસાણ કે મીઠાઇ ખાવાની ઈચ્છા થાય તો માણસ શું કરે? કોઈપણ ઉંમરે પત્ની પોતાના પતિ ઉપરનો લાગણીથી પ્રેરિત અધિકાર ભાવ યથાવત જ રાખે એમાં ખોટું પણ શું છે? સંતાનની એવી કઈ મજબૂરી હશે કે પોતાના માતા-પિતાને પાછળની જિંદગીમાં આવી રસહીન જિંદગી જીવવા તરફ ધકેલ્યા હશે? ઘણા પ્રશ્નો ઉત્તરહીન રહી જતા હોય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૨ એપ્રિલ ૨૦૨૨.

---

NOG.S.S.0032
વિષય: વાર્તા ને કવિતા .
પ્રકાર : પદ્ય
શીર્ષક: સમજણના ફૂલ

સમજણના ફૂલોને કેમ
કરમાવા દઉં.
ભલે ઉગ્યું કાદવમાં કમળ
લાગણીના બંધનમાં બંધાતો
એ ગૂનગન કરતો ભમરો પણ
પાંદડીને ભેદી શકતો નથી
સમજણના ફૂલોને કેમ
કરમાવા દઉં.
નથી ફૂલોને ખબર ક્યારે ખીલવું
અને ક્યારે કરમાવુ?
ક્યારેક પ્રેમિકાના કેશની શોભા.
તો ક્યારેક મનુષ્યના? કબરની શોભા
સમજણના ફૂલોને કેમ
કરમાવા દઉં.
સંસ્કારનું કરેલું સિંચન એ
કેમ એળે જવા દઉં.
ક્યારેક સમાજના બંધનો
તો ક્યારેક સામાજિક બંધનો
સમજણના ફૂલોને કેમ
કરમાવા દઉં.
પ્રેમ ભાવથી કરેલી સેવા
હું કેમ એળે જવા દઉં.
ક્યારેક પ્રભુની સેવા
ક્યારેક બુઝુર્ગોની સેવા
સમજણના ફૂલોને કેમ
કરમાવા દઉં.

મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ
૨/૪/૨૦૨૨

---

NOG SS NO. 0081
પ્રકાર: ગદ્ય
વિષય : મનપસંદ વાર્તા
શીર્ષક: નવી શરૂઆત
શબ્દ: ૨૯૬

શાંભવી ઓટલે બેસી નીરખી રહી હતી,આગલે? દિવસે આવેલાં વિનાશક વાવાઝોડાની અસરને.મન ગ્લાનિથી ભરાઈ ગયું .એની રાતરાણી,પેલી સુગંધીદાર જૂઈ અને વેલી ગુલાબે તો ઘૂંટણ ટેકવી દીધાં હતાં. લીંબોળી અને જમરૂખીના પણ હાલ ખરાબ હતાંશશાંકની વ્હાલી કૃષ્ણકમળની વેલ તો જાણે કાલાવાલા કરી રહી હતી …મને બચાવી લો !.

આ બધાંમાં એ શોધી રહી હતી એની ચકલી અને એનાં સાથીને. હા,એણે માળો બાંધ્યો હતો ઓટલાની ડાબી બાજુ એક ખૂણામાં.કચરો જ કચરો.પણ તો યે એ આખો દિવસ એ ચકલી દંપતિની ચહલપહલને નીરખતી રહેતી. દિવસના અંતે બંને ચાંચમાં ચાંચ મિલાવી જંપી જતાં ત્યારે એને શશાંક સાંભરી જતો.

શશાંક સાથે મનભેદ એટલી હદે વધી ગયો હતો કે સાથે રહેવાનું દુષ્કર હતું.આ મન ઊંચા થવાનું કારણ ..કારણ એટલું ક્ષુલ્લક હતું કે કોઈ ન માની શકે.એ હતું શાંભવીનો ચોખ્ખાઈ માટે દુરાગ્રહ! શશાંક એમ માનતો કે આ ઘર છે ,હોટલ નહીં , થોડું અસ્તવ્યસ્ત હોય તો જ ઘર લાગે!એ શાંતિપ્રિય હતો તેથી વધુ દલીલ ન કરતો.

? સામે શાંભવીની કચકચ રાત્રે જમવા સુધી લંબાઈ જતી.અસીમ પ્રેમ હોવાં છતાં ઘરનાં કે મિત્રવૃંદ બંને વચ્ચે સુલેહ ન કરાવી શક્યાં. શાંભવી રોજ રાહ જોતી શશાંકની,પણ પોતે ફોન કરવાની પહેલ ન કરી. શશાંક પણ આ વિરહ ખમી નહોતો શકતો પણ..!

ચકલીનાં અવાજે શાંભવીને વર્તમાનમાં આણી દીધી. ચકલી અને ચકલો એમનાં ઉધ્વસ્ત માળાને જોઈ દુ:ખી હતાં.ગોળગોળ ઊડીને તેઓ આગલી રાતનાં વિનાશને નાજુક પણ સતત અવાજથી વખોડી રહ્યાં હતાં. શાંભવી એમનાં માટે ચણ અને પાણી મૂકી અંદર જતી રહી .

સાંજે ચા નો કપ લઈને બહાર આવી ત્યારે તેણે ફરી એ જ તણખલાં ,કાપુસ,દોરા જમીન પર પડેલાં જોયાં.ઉપર જોતાં જણાયું કે ચકલીએ જરા અંદરની બાજુ ફરી માળો બાંધવાની શરૂઆત કરી દીધી હતી!આજે સવારથી એ ખૂબ એકલતા અનુભવી રહી હતી ત્યારે…ચકલીએ એક ચિનગારી ચાંપી એક નવી શરૂઆત કરવા, થોડું ભૂલી, થોડું જતું કરી! ક્યાંક ગીત વાગી રહ્યું હતું,

ચલો એક બાર ફિર સે અજનબી બન જાયે હમ દોનોં!

શ્ર લેખિકા :-માયા દેસાઈ
મુંબઈ ભારત

---

NOG SS NO : 0013
પ્રકાર :પદ્ય
વિષય :મન પસંદ કવિતા
શીર્ષક :આવું કેમ ?

એક આંખ રડે તો બીજી
આંખ સૂજી જાય.
એક પગ દોડે તો બીજો
દોડવા તૈયાર હોય.
એક હાથ માં વાગ્યું તો બીજો
મદદ કરવા તૈયાર હોય.
બંને હાથના આંગળા
એકમેકમાં સમાઈ જતાં હોય.
એક હાથ પ્રેમ કરે તો બીજો
વ્હાલ કરવા તૈયાર જ હોય.
હાથની રેખામાં શની ખરાબ
હોય તો શુક્ર ઊંચનો હોય.
બુધ ખાડા માં પડ્યો હોય
તો મંગળની દૃષ્ટિ સારી હોય.
એક કાન સારું સાંભળે તો
બીજો સારું જ સાંભળતો હોય.
ઉપરનીચે ના દાંતો વચ્ચે
સાથે રહેવાના કોલ હોય.
કોઈ વચ્ચે આવે તો ચાવી
ચાવી સ્વાહા કરી જતા હોય.
દાંત જો પડી જાય તો ચોકઠું બનાવી સાથે રહેતા હોય.
પણ માણસ આ બધું જુએ છે
તો કેમ સુધરતો નહી હોય ?

ઘનશ્યામ વ્યાસ.

---

NOG SS No.111
વિષય: મનગમતી વાર્તા/કવિતા
વિભાગ: પદ્ય
શબ્દ સંખ્યા: ૮૫
શીર્ષક: એ જ મને ગમે....

ક્યારેક ઢળતી સંધ્યાએ,
એકાંત મળે તો ગમે.
કોલાહલ ભીડની કેડીએ, મૌન મળે તો ગમે.
મનગમતાંનો સાથ મળે તો ગમે, સંધ્યાના સોનેરી રંગોને નિહાળતાં , સોનેરી સપનાં જોવાં ગમે.
દરિયાકિનારે દૂર ક્ષિતિજે,આભ ધરતીનું મિલન જોઈ,એવા મુગ્ધ મિલનને યાદ કરવું ગમે.
રેતીમાં કિલ્લો ચણી હરખાતાં બાળને જોઈ,
એવાં જ બાળપણમાં ચણેલા કોઈ કિલ્લાને યાદ કરવાં ગમે.
ભીની રેતીમાં પડેલાં પગલાંઓને જોઈ, કોઇકના એ પદ્દિચન્હોને યાદ કરવાં ગમે.
શાંત પળે જળમાં ઊઠતાં તરંગોના લયને માણતાં,
ઈશ્વરની અદ્ભૂત રચનાઓ ને હૃદયથી વંદન કરવું ગમે.

ભાવના દેસાઈ 'ભાવુ'
૦૨/૦૨/૨૦૨૨

# પાટણ જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણા ની બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરીકે નિયુક્તિ..

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

જિલ્લા પોલીસ વડાને પોલીસ સ્ટાફ સહિત પાટણના ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકારો એ મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી..



ગુજરાત રાજ્યમાં ૫૭ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે જેમાંથી ૨૦ જેટલા અધિકારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.તો પાટણ જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા ની બનાસકાંઠા જિલ્લા પોલીસવડા તરીકે બદલી કરવામાં આવી છે તેમની જગ્યાએ નવા જિલ્લા પોલીસવડા તરીકે અમદાવાદ સીટી ઝોન -૨ ના ડીસીપી તરીકે ફરજ બજાવતા વિજયભાઈ પટેલની વરણી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પાટણ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે સમગ્ર જિલ્લામાં પ્રશંસનીય કામગીરી બજાવી પોલીસ અને પ્રજા વચ્ચેના સેતુ રૂપ બનેલા જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણા ની બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરીકે બદલી થતા પાટણ જિલ્લા પોલીસવડાની કચેરી ખાતે પોલીસ અધિકારીઓ સહિત પાટણનાં ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકારો એ મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લા પોલીસવડા એ પણ સમગ્ર સ્ટાફ પરિવાર સહિત પાટણનાં ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકારો નાં મળેલ સાથ સહકાર બદલ આભાર ની લાગણી વ્યક્ત કરી હતી.

# એક વાત યાદ કરાવવી છે . . .

ચૈત્ર મહિનો મહિનો એટલે કીડીને કીડીયારું પૂરવાનો મહિનો. ચૈત્ર મહિનો કીડી માટે આખા વર્ષનો ખોરાક ભેગો કરવાનો મહિનો છે.

આપણે બીજે કશે ના જઈ શકીએ પરંતુ આપણી સોસાયટીમાં કે તેની આસપાસમાં રહેલા ઝાડ પાસે પોચી માટીમાં તો કીડીયારું પુરવાનું પુણ્યકાર્ય તો કરી જ શકીએ છીએ . . .

કીડીયારું બનાવવાની રીત :-
બાજરાનો લોટ
રવો
દળેલી સાકર
સફેદ તલ
અને થોડું ઘી.

આટલું મિક્સ કરીશું એટલે કીડીયારું તૈયાર . . .

આપણી સૂચના પ્રમાણે કરિયાણાની દુકાનવાળા પણ આ મિક્સચર બનાવી આપે છે.

હા, પણ જેટલું બને એટલું આ શુભ કાર્ય રોજ ને રોજ કરજો. ચૈત્ર મહિનો કાલથી ચાલુ થઈ રહ્યો છે. ( તા. ૦૨.૦૪.૨૨ થી ૩૦.૦૪.૨૨ )

કીડીયારું પૂરવાનો લાભ અચૂક લેશોજી.
એક મૂક જીવને સંતોષ આપવા પ્રયત્ન કરજો.
એક મુઠ્ઠી કીડીયારું સેંકડો કીડીઓનો ખોરાક બની શકે છે.

# ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ઓનલાઈન કવિ સંમેલન યોજાયું



૨ એપ્રિલ ૨૦૨૨ શનિવાના દિવસે સાંજે ચાર વાગ્યે ઓનલાઈન કવિ સંમેલન કાર્યક્રમ કરવામાં આવ્યો કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પ્રમોદ કુમાર સત્યધુરત શ્રી નંદ સાહિત્ય મંચના સંસ્થાપક હરિયાણા થી ઉપસ્થિત રહ્યા હતા. સરસ્વતી વંદના આભા મિશ્રા પ્રતાપગઢ દ્વારા કરાવવામાં આવી હતી. મંચમાં સહયોગ પ્રીતિ પરમાર પ્રિત ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા ના સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા દિપ પ્રાગટય મહેમાન દ્વારા મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સન્માન નિકિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું. તેઓનો પરિચય સંસ્થા અધ્યક્ષ ડૉ શૈલેષ વાણીયા શૈલ દ્વારા કરવામાં આવ્યો આજે જ્યારે ચેટીચંદ પર્વ નો તહેવાર છે ત્યારે દરેક નું જીવન આનંદથી છલકાઈ જાય તેવી શુભેચ્છા પાઠવવામાં આવી. કાવ્ય રચનાની સાથે સુંદર ડિજિટલ પ્રમાણપત્રક અર્પણ કરવામાં આવ્યું તૈયાર કરનાર સંસ્થા ઉપાધ્યક્ષ નિલેશ રાઠોડ નીલ રાષ્ટ્રગાન વીણા અમીન વોટશોપમંચ ૨૫૭ થી ભરેલો હતો કુલ ૩૫ કવિ મિત્રોએ પોતાની રચનાઓ મંચ ઉપર મુકી હતી સંસ્થા દ્વારા અનોખી ઉજવણી મંચ ઉપર કરવામાં આવી આ પ્રસંગે દિલ્હી હરિયાણા છત્રીસગઢ, ઉત્તરાખંડ, રાજસ્થાન બિહાર , ગુજરાત, મધ્ય પ્રદેશ , વગેરે રાજયોના કવિ મિત્રોએ પોતાની રચનાઓ મંચ પર મૂકી ગુડી પડવોપર્વ ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અંતમાં સૌનો આભાર શિક્ષિકા બહેન શ્રીમતી મધુબેન રાઠોડ દ્વારા આભારનો ભાર ઉતારનાર બહેનનો આભાર ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા ના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી દ્વારા ફરીએકવાર ધાર્મિક પર્વ ની સર્વ ને શુભેચ્છાઓ પાઠવવામાં આવી ભારત માતા કી જય નાદ સાથે છૂટા પડ્યા.

# ગુજરાત રાજ્ય સરકારના મંત્રી એવા અરવિંદભાઇ રૈયાણીનાં જન્મદિવસની પ્રેરક ઉજવણી

સદભાવના વૃદ્ધાશ્રમના વડીલોને અરવિંદભાઇ રૈયાણી એ પોતે પીરસી,સાથે ભોજન પ્રસાદ લઈ કરી ઉજવણી.

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા સાત વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૩૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૨૦ વડીલો તો પથારીવશ (ડાઈપર વાળા) છે.

ગુજરાત રાજ્યના મંત્રી શ્રી અરવિંદભાઇ રૈયાણી દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમમાં પોતાનો જન્મદિવસ ઉજવીને વડીલોના આશીર્વાદ મેળવવાનું પ્રેરણાદાયી કાર્ય કરાયું છે. અરવિંદભાઇ રૈયાણીનાં જન્મદિવસે તા.૧ એપ્રિલ અને શુક્રવારના રોજ સાંજે ૭ વાગ્યે તેઓ પોતે અને તેમની પૂરી ટીમ સદભાવના વૃદ્ધાશ્રમ,પીપળીયા ભવન ખાતે ઉપસ્થિત રહીને વડીલોને જાતે ભોજન પીરસી તેમની સાથે જ ભોજન પ્રસાદ લઈને જન્મદિવસની ઉજવણી કરી હતી . આ પ્રસંગે શહેર ભાજપના મહામંત્રી કિશોરભાઇ રાઠોડ, સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઇ ડોબરિયા , ધીરુભાઈ કાનાબાર, રાજુભાઇ રૂપાપરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન-રાજકોટ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

રાજકોટની જેમ સમગ્ર રાજ્યમાં રામનવમી તેમજ મહાવીર જયંતી નિમિતે રાજ્યમાં કતલખાના બંધ રાખવા વિનંતી

હિન્દુ ધર્મના અતિ પવિત્ર તહેવાર રામનવમી તેમજ જૈન ધર્મનાં અતિ પવિત્ર તહેવાર મહાવીર જયંતી નિમીતે ગુજરાતનાં તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન, ચીકન, મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધ કરાવવા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે. તંત્ર દ્વારા અમુક તહેવારો માટે દર વર્ષે આ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે તો આ વર્ષે પણ 'રાજકોટની જેમ સમગ્ર રાજ્યમાં' સત્વરે રામનવમી અને મહાવીર જયંતીનાં તહેવાર માટે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતિબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, ઘનશ્યામભાઇ ઠક્કર, ધિરેન્દ્ર કાનાબાર, પ્રતિક સંઘાણી, એડવોકેટ કમલેશભાઈ શાહ, રમેશભાઇ ઠક્કર, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઇ ભરાડ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને કરવામાં આવી છે.



ગાંધીનગર સેકટર ૫ માં આવેલ શ્રી કલેહર માતાજી ના મંદિરનો પાટોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવે આ પ્રસંગે મંદિરના પટાંગણમાં નવચંડી યજ્ઞ કરવામાં આવેલ જેમાં પાંચ યજમાનો એ ભાગ લિધેલ હતો આ યજ્ઞનાં મુખ્ય આચાર્ય પદે કલ્પેશભાઈ મહેતા તથા તેમની ટીમે સવારથી સાંજ સુધી ભૂદેવો દ્વારા પુજા અર્ચના કરવામાં આવે તથા મંદિર ના શિખર ઉપર ધજા પુજા અર્ચના કરી ચઢાવેલ તથા મંદિર માં બિરાજમાન શ્રી કલેહર માતાજી શ્રી મહાકાળી માતાજી તથા શ્રી મહાલક્ષ્મી માતાજીના ગોખને લાડુથી ભરવામાં આવેલ મંદિર ના પુજારી શ્રી કેતનભાઈ નાયક તથા મંદિરના ટ્રસ્ટી અને સેવકો દ્વારા સમુહમાં આરતી નો લાભ લિધેલ હતો નવચંડી ની પુર્ણાહુતી બાદ સમુહમાં પ્રસાદ નું આયોજન કરવામાં આવેલ આ કયેક્રમને સફળ બનાવવા સમસ્ત સેવક ગણે મોટી જહેમત ઉઠાવી હતી




ચૈત્રી નવરાત્રી નિમિત્તે શુભારંભ નવ દિવસ સુધી દરરોજના ૧૨ ગાયત્રી ચાલીસા પાઠ સમૂહમાં ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા ગુડી પડવાના શુભ દિન ચૈત્ર સુદ-૧ તા.૨ એપ્રિલ ૨૦૨૨ શનિવારથી તા.૧૦ એપ્રિલ ૨૦૨૨ રવિવાર સુધી બપોરે ૩ થી ૫ દરમ્યાન વિશ્વ કલ્યાણ-શાંતિ તથા કોરોના નાબુદીની અને સૌને સદબુદ્ધિ ઉજ્જવળ ભવિષ્ય નિરામય જીવનની પ્રાપ્તિની પ્રાર્થના ના શુભ હેતુથી આયોજન કરવામાં આવ્યું છે.કોઈ વિશેષ પ્રયોજન માટે વિશેષ શક્તિનો સંચય કરવા માટે જે વિશેષ કાર્યક્રમ કરવામાં આવે છે તેને અનુષ્ઠાન કહેવામાં આવે છે બે ઋતુ વચ્ચેનો સમયગાળો સંધિકાળ કહેવાય છે નવરાત્રી નવ દિવસ દરમ્યાન અનુષ્ઠાન વ્યક્તિગત કે સમૂહમાં કરવામાં આવે છે જેમાં ગાયત્રી મંત્ર જપ ૨૪૦૦૦,લેખન ૨૪૦૦ મંત્ર, દરરોજ ૧૨ ગાયત્રી ચાલીસા પાઠનું અનુષ્ઠાન કરવાથી સવિશેષ લાભ મળે છે ગાયત્રી ચાલીસા પાઠ બહેનો દ્વારા સી/૨૦૪, સહજાનંદ એવન્યુ ખોડિયાર માતાજી મંદિર,એ.ઈ.સી નારણપુરા સોલા રોડ ખાતે શરૂ થયો છે ......જય ગુરુદેવ જય ગાયત્રી

# હિન્દુ નવવર્ષની ઉજવણી કરવામાં આવી

આજ રોજ અનંતશ્રી વિભુષિત જગદગુરુ રામાનંદાચાર્યં સ્વામી શ્રી નરેન્દ્રાચાર્યંજી મહારાજ ના સ્વ-સ્વરુપ સંપ્રદાય ડાંગ જીલ્લા દ્વારા ગુઢી પડવો અર્થાંત હિન્દુ નવવર્ષની ઉજવણી કરવામાં આવી, હજારોની સંખ્યામા ઉપસ્થિત જગદગુરુશ્રી ના અનુયાયી દ્વારા હનુમાનજી મંદિર નવાપુરરોડ થી વિશાલ શોભાયાત્રા કાઢવામાં આવી,જેંમા મુખ્ય આકર્ષંણ ગુડીધારી, ધ્વજાધારી, ગૌરાઈ,તુલસીધારી મહિલાઓ વેશભુષા સાથે તથા ડાંગની લોકકલા ડાંગીનૃત્ય, ઠાકરેનૃત્ય, માદળીયાનૃત્ય, ઢેરાવાદન, ઘોડાનૃત્ય, હરીપાઠ,, હોળીનૃત્ય, કહાળીયાનૃત્ય, ભાયાનૃત્ય જેવા ડાંગની સંસ્કૃતી ને ઉજાગર કરતી કૃતીયો સાથે સમગ્ર આહવા શહેરને ભગવામય બનાવી દીધુ તથા આ શોભાયાત્રા ડાંગ સેવામંડળમાં સભામાં ફેરવાઈ અહી આરતીબાદ ઉપસ્થિત રાજકીય, સામાજીક,વેપારીઓનુ સ્વાગત કરવામાં આવ્યુ ત્યાર બાદ ઉપસ્થિત ભાવિકોને મહાપ્રસાદ ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી કાયંક્રમને સફળ બનાવા નિલેશભાઈ ભોયે,મુરલીધર બાગુલ,સિતારામભાઈ ગાવિત,મુળજીભાઈ ગાવિત નો વિશેસ ફાળો રહ્યો,કાયંક્રમનુ સમગ્ર સુત્ર સંચાલન રામદાસ ગવળી તથા સ્વાગત અને આભારવિધી સંજય માળી દ્વારા કરવામાં આવી

નરેન્દ્ર પવાર
ડાંગ




ઈન્ટરનેશનલ હયુમન રાઈટ્સ પ્રોટેક્શન કાઉન્સિલ ગુજરાત ના ચેરમેન ઘાંચી શફી સોપારિવાલા દ્વારા દર વર્ષ ની જેમ સતત ચોથા વર્ષે પણ પક્ષીઓના પીવા માટે ના ૧૦૦૦ પાણીના કૂંડા તા. ૦૧-૦૪-૨૦૨૨ ના રોજ વીર હમીદ સ્મારક કલંદરી મસ્જિદ રખીયાલ પાસે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા ના ડાયરેક્ટર શ્રી દિલીપભાઈ શાહ, ઈજીજી ?? શ્રી દિનેશ સિંહ રેવર , શ્રી કિરીટ ભાઈ રુદાણી, જગદીશ ભાઈ મૌર્ય, અલ્પસંખ્યક નાણાં નિગમ ના ગુજરાત સરકાર ના ડાયરેક્ટર શ્રી પુરુષોત્તમ હિરવાણી, ફારુક ભાઈ ટેકરાવાલા, રીઝવાન ભાઈ આંબલીયા, અકીલ ભાઈ, આસિફ ભાઈ શેખે હાજરી આપી.

# તાપી જિલ્લાના ૧૯ જેટલા સરપંચો અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના હસ્તે કેસરીયો ખેસ ધારણ કર્યો

હાલમાં કોંગ્રેસ પાસે આદિવાસીઓને ઉશ્કેરવા-ભરમાવવા માટે પાર-તાપી- નર્મદા લીંક યોજના સિવાય ચુંટણી માટે બીજો કોઇ મુદ્દો નથી.:- શ્રી સી.આર.પાટીલ

૨૬-૨૭ વર્ષથી કોંગ્રેસને ઘુસવા નથી દીધી તેના કારણે ગુજરાતનો વિકાસ થયો છે

:- શ્રી સી.આર.પાટીલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ સુચન કર્યું છે કે આદિવાસીઓનું અહિત થાય તેવી કોઇ યોજના કરવી નહીઃ- શ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના યશસ્વી અધ્યક્ષ અને પેજ સમિતીના પ્રણેતાશ્રી સી.આર.પાટીલ સાહેબના અધ્યક્ષ સ્થાને વ્યારાના શબરીધામ પાસે કાર્યકર્તા સંમેલન યોજાયુ હતુ. જેમાં ગ્રામપંચાયતનાં ૧૯ જેટલા સરપંચો અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના હસ્તે કેસરીયો ખેસ ધારણ કરી વિધિવત ભાજપમાં પ્રવેશ લીધો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રભારીશ્રી અશોકભાઇ ધોરજીયા અને પ્રમુખશ્રી જયરામભાઇ ગામીતનું વિશેષ યોગદાન રહ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડૉ. ભરતભાઇ બોધરા, તાપી જિલ્લા પ્રભારી-મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ, પુર્વ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા, સાંસદશ્રી પ્રભુભાઇ વસાવા, ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડિયા, પુર્વ મંત્રીશ્રી કાંતિભાઇ ગામીત સહિતનાં મહાનુભાવોની ખાસ ઉપસ્થિતી રહી હતી.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે કાર્યક્રમને સંબોધતા જણાવ્યુ હતુ કે, ભાજપના કાર્યતાઓની મોટી સંખ્યા જોઇ પોતાની જાગીર સમજતા કોંગ્રેસના ધારાસભ્યના હાંજા ગગડી ગયા હશે. વિધાનસભાની આ સીટ પર ભાજપ ભગવો લહેરાવશે. ભાજપનો કાર્યકર્તા લોકોની વચ્ચે જઈ લોકોના પ્રશ્નોને વાચા આપનારો છે. કોંગ્રેસ નકારાત્મક રાજકારણ કરતી આવી છે. કોંગ્રેસનાં ૫૦-૬૦ વર્ષનાં શાસન પછી આદિવાસીઓ પોતાના અધિકારથી વંચિત કેમ રહ્યા?, આદિવાસીઓની સ્થિતી ખરાબ કેમ?, મોદીએ સંકલ્પ લીધો હતો કે આદિવાસીઓને શુ આપીએ તેના કરતા શું જોઇએ, તેમની આવશ્યકતા ધ્યાને રાખી ભાજપ સરકારે કામ કર્યુ છે. એક નહીં અનેક યોજનાઓ બનાવી, આદિવાસીઓને પુરતી ગ્રાંટ, પુરતા લાભો અપાવ્યા. કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની યોજનાઓનો લાભ છેવાડાની આદિવાસી પ્રજાને મળ્યો છે. જયારે કોંગ્રેસનાં સમયે આ આદિવાસીઓ ભગવાન ભરોષે હતા. જંગલમાં ઝાડ કાપી ન શકે, ઉબડ ખાબડ જમીન, અધિકારથી વંચિત લોકો માટે જયારે શ્રીગણપતભાઇ વસાવા કેબિનેટ મંત્રી હતા ત્યારે કમિટી બની, યોજનાઓ તૈયાર થઈ, યોજનાનાં અધિકાર લોકો સુધી પહોંચાડવાનાં પ્રયત્નો કર્યા તેનું ફળ આદિવાસીઓને આજે મળે છે. કોંગ્રેસને કોઇ સેવાના કામો કરવા નથી માત્ર નકારાત્મક વાતો જ કરવામાં રસ છે. ૨૦૧૪ પહેલા કોંગ્રેસ સરકાર હતી, ૨૬-૨૭ વર્ષથી કોંગ્રેસને ઘુસવા નથી દીધી તેના કારણે ગુજરાતનો વિકાસ થયો છે. પ્રજાને ભાજપના સંગઠન અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પર વિશ્વાસ છે.

શ્રી સી.આર.પાટીલ સાહબે વધુમાં જણાવ્યુ કે, હાલમાં કોંગ્રેસ પાસે આદિવાસીઓને ઉશ્કેરવા- ભરમાવવા માટે પાર- તાપી- નર્મદા લીંક યોજના સિવાય ચુંટણી માટે બીજો કોઇ મુદ્દો નથી. આ યોજના તૈયાર થઇ ત્યારે કોંગ્રેસની સરકાર હતી. તેમાં પ્રથમ સાઇન થઈ ત્યારે કોંગ્રેસનાં પ્રધાનમંત્રીશ્રી મનમોહન સિંહ હતા. ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ સુચન કર્યુ છે કે આદિવાસીઓનું અહિત થાય તેવી કોઇ યોજના કરવી નહી. બજેટમાં આ યોજનાની કોઇ જોગવાઇ નથી. તે માટે કોંગ્રેસના નેતા ભાજપના મંત્રીઓને પાછલા બારણે મળી આભાર માની રહ્યા છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકારે આ યોજના મોકુફ રાખવાનો નિર્ણય કર્યો છે છતાં કોંગ્રેસ આદિવાસીઓને ગેરમાર્ગે દોરી રહી છે. જો કોંગ્રેસ ખેલદિલી સાથે રાજકારણ કરતુ




હોય તો આદિવાસી સમાજની આ માટે માફી માંગે.કાર્યકર્તાઓને સંબોધતા શ્રી સી.આર.પાટીલ સાહેબે અંતમાં જણાવ્યુ હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની યોજનાઓનો લાભ તમામને મળવો જોઇએ. તેઓને લાભાંવિત કરી મજબુત કરવા જોઇએ. ત્યારે દેશમાં તેઓના મજબુતીકરણને કોઇ રોકી શકે નહી. કાર્યકર્તાઓએ દરેક યોજના ગામે ગામ પહોંચાડવી જોઇએ જેથી આદિવાસીઓના અધિકારમાં કોઇ અડચણ ન આવે, ભાજપ તમારી સાથે છે. નારી શક્તિમાં રમીલાબેનનું ઉદાહરણ આપતા જણાવ્યુ હતુ કે તેઓએ એક નાના ગામમાં સામાજિક કામો કરતા તેઓ આગળ આવ્યા, નરેન્દ્રભાઈ મોદી સાહેબના ધ્યાને આવતા તેમનુ સન્માન કર્યા પછી પદ્મશ્રી આપ્યુ, કોંગ્રેસમાં કેટલા આદિવાસીઓને મળ્યા? કોઇ લિસ્ટમાં નામ નહી આવે. પદ્મશ્રી તેઓના ગુણગાન ગાતા, પૈસાદાર લોકોને આપ્યા હતા. ટોયલેટ બનાવવાનું સામાજિક કાર્ય કરતા રમિલાબેનને કદાચ પદ્મશ્રી શુ છે તે પણ ખબર નહીં હોય. ત્યારે આદિવાસી સમાજ અને યુવા પેઢીને તેનાથી શીખ મળશે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર).

## ઘનશ્યામ બિરલા ના જન્મદિવસ ની ઉજવણી

# ૯૭ મી વાર રક્તદાન ૫૬૦ વ્યક્તિઓને ૨ લાખ ની વીમો ૫૬ બાળકો ને સ્ટેશનરી કીટ તેમજ રક્તદાન કેમ્પ

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત ના પ્રમુખતેમજ રેડક્રોસ બ્લડબેંક ના કો ઓર્ડીનેટર ઘનશ્યામ બિરલા એ ૫૬ માં જન્મદિવસ ની ઉજવણી માનવ સેવા ના કાર્યો કરીને મનાવી હતી

ઉત્રાણ ખાતે આવેલ મહાનગરપાલિકા સચાલિત ૩૦૬ મહાદેવ દેસાઈ પ્રાથમિક શાળા ના ૫૬ બાળકો ને લંચ બોક્સ તેમજ સ્ટેસનરી કીટ ભેટ આપી હતી અને સ્મીમેર બ્લડ બેંક ખાતે ૯૭ મી વાર રક્તદાન કર્યું હતું તેમજ વેસુ ખાતે આવેલ ઓસ્કાર પિઝ્ઝા માં રક્તદાન કેમ્પ નું આયોજન પણ કર્યું હતું અને રિંગરોડ પર આવેલ સુરત ડીસટીક બેંક ખાતે જરૂરિયાતમંદ ૫૬૦ લોકો ને ૨ લાખનો પ્રધાન મંત્રી વીમાં નો ચેક બેંક ના ચેરમેન નરેશ પટેલ ને આપીને પોતાના જન્મદિવસ ની શાનદાર રીતે ઉજવણી કરી હતી




આવા સુંદર પોગ્રામ બદલ હાજર સામાજિક અગ્રણી શ્રી રમેશ ભાઈ ભૂવા એક સોચ એનજીઓ ના રિતુબેન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ના અરવિંદ ભાઈ કાકડીયા તથા રાકેશ ભિકડિયા તેમજ દિલીપ ભાઈ ઓસ્કાર પિઝ્ઝા જેવા મહાનુભાવો એ આવી સામાજિક સુંદર સેવા સાથે જન્મદિવસ ની ઉજવણી બદલ બિરલા ને હાર્દિક અભીનંદન પાઠવ્યા હતા

આ કાર્યક્રમ માં સંસ્થાના મંત્રી ડો મુકેશ પડસાળા કો ઓર્ડીનેટર હરેશ માંગરોળીયા નરેશ દેવળીયા ઉપ્રમુખ ડો મધૂકાંત ગોંડલિયા સામાજિક અગ્રણી શ્રી ડો પ્રફુલ્લ સિરોયા રતનકલાકર્ઝર સંઘ ના બાલુભાઈ વેકરીયા દિલીપ વરસાણી મનોજ ડોબરીયા દલસુખભાઈ ટીંબડીયા વિગેરે મહાનુભાવો એ હાજર રહી કાર્યક્રમ ને સુંદર રીતે દીપાવ્યો હતો

# લીંબુના ભાવ ૨૦૦ રૂપિયે કિલોએ પહોંચ્યા

અમદાવાદ,તા.૨

મોંઘવારીના મારથી લીબુ પણ બચી શકયા નથી દિલ્હીમાં એક લીબુની કિંમત ૧૦ રૂપિયા થઈ ગઈ છે.ગુજરાતના રાજકોટમાં લીબુનો ભાવ ૨૦૦ રૂપિયે કિલોએ પહોંચી ગયો છે.ગુજરાતમાં થોડા દિવસો પહેલા લીંબું ૫૦થી ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતા હતાં જયારે દિલ્હીમાં થોડા અઠવાડીયા પહેલા સુધી ૩ લીંબુ ૧૦ રૂપિયામાં વેચાતા હતાંરાજકોટના એક ગ્રાહકે જણાવ્યું હતું કે લીંબુનો ભાવ પ્રતિ કિલો ૨૦૦ રૂપિયાને સ્પર્શી ગયો છે.

# ચાણસ્મા પોલીસ પોલીસ કર્મચારી નો જન્મદિવસ ઉજવી પારિવારિક ભાવના ઉજાગર કરી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

May i help એ કાયદો અને વ્યવસ્થા સાચવનારા આપણા પોલીસ જવાનો પોતાના પરિવારથી તમારા વાર-તહેવારે પણ પરિવારથી દૂર રહે છે પરંતુ ઘણીવાર પોલીસ પણ પરિવારની ભાવના જાગૃત કરવા માટે એકબીજાના સહયોગી બની પારિવારિક લાગણીઓને વ્યક્ત કરતા હોય છે ચાણસ્મા પોલીસ મથકના પીઆઈ આર એમ વસાવા



દ્વારા પોલીસ મથકના પોલીસ કર્મચારી જનકભાઈ પોલીસ કર્મચારી કેતનભાઈ પટેલ નો પોલીસ કર્મચારીઓ સાથે મળી જન્મદિવસ ઉજવી પરિવારની ભાવના વ્યક્ત કરી હતી કેક બનાવી તો સાથે મળી કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરી એકબીજાના પરિવારના સભ્યો હોય તેવી લાગણી વ્યક્ત કરી હતી પીઆઈ આર એમ વસાવા ના માર્ગદર્શન દ્વારા પી.એસ.આઈ રમીલા બેન મકવાણા એ પોલીસ કર્મચારીઓ ના સહયોગથી પોલીસ પરિવારના જ કર્મચારીઓ જન્મદિવસ હોઈ જન્મદિવસની ઉજવણી સુંદર આયોજન કર્યુ હતું

## આહવા કોલેજ ખાતે યોજાયેલો ત્રિવેણી સંગમ

# કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા

આહવાઃ તાઃ ૦૨ઃ ડાંગના વિદ્યાર્થીઓને ઉત્તમ ભાવિ કારકિર્દી માટેની શુભકામનાઓ પાઠવતા, કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ, જીવનના દરેક તબક્કે, નકારાત્મક વિચારસરણી ધરાવતા લોકોથી દૂર રહીને લક્ષ સિદ્ધિ હાંસલ કરવાની હિમાયત કરી છે.

આહવાની સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજના વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ, તથા વિદાય સમારંભ જેવા ત્રિવેણી સંગમ સમાન કાર્યક્રમમા ઉદ્દઘાટન તથા સમારંભના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેલા, ડાંગ કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ, કોલેજમાંથી પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરીને વિદાય લેતા વિદ્યાર્થીઓને, પોતાની શાળા/કોલેજ સાથે માતપિતાને પણ ગૌરવ મળે, તેવા ઉચ્ચ લક્ષ સાથે જીવનમા આગળ વધવાની અપીલ કરી હતી.

કોલેજ કાળ સમાપ્ત કરીને જતા વિદ્યાર્થીઓની, કોલેજ બહારની નવી દુનિયા અને નવી જવાબદારીનો શુભારંભ થઈ રહ્યો છે તેમ જણાવતા કલેક્ટરશ્રીએ, નિષ્ફળતા થી ડગ્યા વિના સતત



પરિશ્રમ અને હકારાત્મક વિચારસરણી સાથે આગળ વધવાનો અનુરોધ કર્યો હતો.

ગમે તેટલા ઉચ્ચ સ્થાને પહોંચો, કે ઉચ્ચ પદવી હાંસલ કરો. તેની ગરિમા ત્યારે જ જળવાશે જયારે, વ્યક્તિ તેની સફળતાને પચાવી, વિનમ્રતા સાથે એક જવાબદાર અને આદર્શ નાગરીક બને તેમ જણાવતા કલેક્ટર શ્રી પંડ્યાએ, કોલેજના સ્વર્ણકાળ બાદ, જીવનના દરેક ક્ષેત્રે સખત પરિશ્રમ કરવાની પણ યુવાનોને હાંકલ કરી હતી. દરમિયાન ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિત, પ્રયોજના વહીવટદાર શ્રી કે.જે.ભગોરા, સરકારી વિજ્ઞાન કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ.એ.જી.ધારિયા, સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ (સુરત) ના પ્રિન્સિપાલ શ્રી ડૉ.જે.ટી.ચૌધરી વિગેરે મહાનુભાવોએ, શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ તથા રમતવીરોને પરિતોષિકો એનાયત કરીને, પ્રોત્સાહિત કર્યા હતા. દરમિયાન મહાનુભવોનુ શાબ્દિક સ્વાગત પ્રિન્સિપાલશ્રી ડૉ.ઉત્તમ ગાંગુર્ડેએ કર્યું હતુ. કોલેજની વાર્ષિક સિદ્ધિઓની ઘોષણા પ્રા.એ.આર.પટેલ કરી હતી. પ્રા.ડી.એમ.ગાવિતે વિદાય લેતા વિદ્યાર્થીઓને આર્શિવચનો પાઠવ્યા હતા.

વર્ષ દરમિયાન સપ્તધારા, સાંસ્કૃતિક, જિમખાના, એન.એસ.એસ., પરીક્ષા, ઈ.એલ.સી.ક્લબ વિગેરે દ્વારા કરવામા આવેલઈ વિવિધ પ્રવૃત્તિઓમા વિજેતા થયેલ વિદ્યાર્થીઓને, ઈનામ અને પ્રમાણપત્ર અર્પણ કરી પ્રોત્સાહિત કરાયા હતા.

કાર્યક્રમના બીજા ચરણમા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામા આવ્યા હતા. જેમા ભારતવર્ષની સાંસ્કૃતિક છબીની ઝલક જોવા મળી હતી.

સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ડૉ.બી.એ.પટેલ,અને પ્રા.એમ.પી.ઠાકરડા દ્વારા કરવામા આવ્યુ હતુ. આભાર વિધિ પ્રા.એમ.પી.ઠાકરડાએ કરી હતી. કાર્યક્રમની કાર્ય વ્યવસ્થા પ્રિન્સિપાલ શ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ એસ.આર.સી. સમિતિ અને સાંસ્કૃતિક સમિતિના સભ્યોએ સંભાળી હતી.

નરેન્દ્ર પવાર
ડાંગ

# પાટણમાં ભક્તિ સભર માહોલમાં ચૈત્રી નવરાત્રી સહિત માનતાના ગરબા નો પ્રારંભ કરવામાં આવ્યો..



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

શહેરની મિનળપાર્ક સોસાયટી માં સ્વામી પરિવારજનો દ્વારા પુત્ર પ્રાપ્તિ ની ખુશી માં એક માસના ગરબા કાઢવામાં આવ્યા..

ધર્મપરાયણ પાટણ નગરમાં આદ્યશકિત માઁ જગદંબાની ચૈત્રી નવરાત્રિનો ભકિતસભર માહોલમાં પ્રારંભ થયો છે. ખાસ કરીને ચૈત્રી નવરાત્રિમાં આદ્યશકિતની આરાધના અને ઉપાસનાની સાથે સાથે નવરાત્રિના બાધામાનતાના ગરબાની પણ ધાર્મિકવિધીના કાર્યક્રમો યોજાતા હોય છે જે અંતર્ગત પાટણ ટેલીફોન એક્સ્ચેજ રોડ પર આવેલ મીનળપાર્ક સોસાયટી ખાતે સ્વામી પરિવાર દ્વારા પુત્રજન્મની ખુશીમાં પૂર્ણમાસના ચૈત્રી નવરાત્રિના ગરબાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે પુત્રજન્મની ખુશીમાં શરુ કરાયેલ બાધામાનતાના ગરબાનું પરિવારની મહિલાઓ દ્વારા પૂજનવિધી કરી ગરબાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહિલાઓએ મૈયાના પાંચ ગરબા ગાઇ ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ કર્યો હતો.

નોંધનીય છે કે ચૈત્રી નવરાત્રિમાં ઉપાસકો દ્વારા મૈયાની ઉપાસનાની સાથે સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં મૈયાના બાધામાનતાના ગરબાની રંગત જામશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.